उपयोग—લોહીબિગાડ, ઉપદંશ, ચાંદી, વિસ્ફોટક, ગરમીનો રોગ, ગરમીનો મુખપાક, ચુમકાં, વ્રણરોગ, ગંભીરવ્રણ, કુષ્ટરોગ, ગલગંડ, લોહી તથા ત્વચાનાં તમામ જુના અને હઠીલાં દરદો, કુષ્ટ, નાડીવ્રણ વગેરે દરદો માટે આ દવા ઘણીજ પ્રસિદ્ધ છે.

સૂચના—આ દવા સાથે ગંધકરસાયન તેમજ મહામંજીષ્ઠાદિ ક્વાથ અથવા તો કોઇપણ રક્તશોધક ગુગળ અને ત્રિફળા સાથે મેળવી વાપરવાથી તરતમાં સારો ફાયદો આપે છે અને મોઢું આવ્યા સિવાય જીર્ણરોગને દૂર કરે છે, પરંતુ ધ્યાનમાં રાખવું કે તેમાં રસકપુર જેવી ઝેરી વસ્તુ આવે છે માટે પથ્ય બરાબર રાખી વૈદની સલાહ પ્રમાણે દવા ચાલુ રાખવી.

પથ્ય—મીઠા વગરના ભાત, રોટલી, મગનીદાળ, ઘી, સાકર, માખણ વગેરે લેવાં, બીજો તમામ ખોરાક બંધ કરવો,

૧૭૨ कोलेरानी गोळी

बनावट—શેકેલાધાણા, તો. ૪, જાવંત્રી તો. ૩, છડે તો ૩, અતિવિષ, ઇંદ્રયવ, અજમો, કાંકચનીમીંજ, લવંગ, એ દરેક બબ્બે તોલા. વજ, હિંગ, કપુર, લસણ, સિંધાલુણ, જાયફળ, અરેડાનું મૂળ એ દરેક એકેક તોલો. બીડલવણ, સુંઠ, કાળાંમરી, બીલીફળનો ગરભ, પીપર, પીપરીમૂળ, રાળ, એલચી, હરડે એ દરેક અર્ધ તોલો, તથા લીંબુનો રસ જોઇએ તેટલો.

रीत—પ્રથમ સર્વ દવાઓને ખાંડી કપડે ચાળી ખરલમાં નાખી લીંબુના રસમા ઘુંટી વટાણા જેવડી ગોળી બનાવી સુકવી રાખવી.

प्रमाण—૧ થી ૨ ગોળી દર ૦ા કલાકે.

अनुपान—ડુંગળીનો રસ અથવા સ્વચ્છ પાણી.

उपयोग—કોલેરા માટે આ દવા અકસીર જેવી છે. એ સિવાય પેટના દરેક દર્દમાં પણ ઉપયોગી છે

ccco

૧૭૩ खदीरादिवटी

बनावट—શુદ્ધ સારો કાથો તો. ૨૦૦ લઇ તેને પાણી તો. ૪૦૦માં નાખી કવાથ કરી લેવો પછી તેમાં નીચેની વસ્તુઓનું બારીક ચૂર્ણ નાખી ઘુંટી સુકવીને ગોળી બનાવી લેવી.

ચીજોનાં નામઃ—ચંદન, પદમક, વાળો, મજીઠ, ધાવડીનાં ફુલ, મોથ, કમળકાકડી, જેઠીમધ, તજ, તમાલપત્ર, નાગકેશર, લાખ, રસવંતી, જટામાસી, લોદર, હરડે, બહેડાં, આમળાં, હળદર, દારૂહળદર, ધટૂંલા, એલચી, કાયફળ, વજ, જવાસો, અગર, પતંગ, ગેરૂ અને સુરમો એ દરેક એકેક તોલો તથા જાવંત્રી, જાયફળ, લવંગ, કંકોળ એ ચાર ચાર તોલા લેવા જોઇએ.

उपयोग—મોંમાં રાખી ચુસવી જોઇએ તેથી ગળાનાં, હોઠનાં, મોઢાંનાં તમામ દરદો મટી મુખપાક વગેરેમાં આરામ થાય છે, તથા દંતરોગ મટી દાંત મજબુત બને છે. મોં અને દાંતનાં તમામ દરદોમાં ઉત્તમ હોવાની સાથે ખાંસી તથા સ્વરભંગમાં પણ ઠીક છે.

૧૭૪ खांसीनी गोळीओ

बनावट—પીપર, પીપરીમૂળ, શુંઠ, મરી, લવંગ, તજ, જાયફળ, જાવંત્રી, એલચી, અક્કલકરો, જેઠીમધનોશીરો, કાથો, બહેડાંની છાલ, દાડમની છાલ, યવક્ષાર, ટંકણખાર વગેરે સમભાગે લેવાં.

रीत—આ વસ્તુઓનું બારીક કપડછાણ ચૂર્ણ લઈ તેને મધમાં મેળવી ખરલમાં ઘુંટી આસરે ચણા જેવડી ગોળીઓ બનાવી સુકવીને બાટલીમાં ભરી રાખવી.

उपयोग—મોઢામાં એકેક ગોળી રાખી ચુસવાથી ખાંસી આવતી બંધ થાય, કફ છુટે છે, સ્વર સુધરે છે, ગળાનો વરમ મટાડી નવી જુની

આંખોને ફાયદો આપે છે.

પ્રમાણ—આસરે દશ-બાર ગોળી દિવસમાં લેવાય [illegible] જરૂર પ્રમાણે એક કે બે ગોળી મોંમાં રાખી ચુસાય.

૧૭૫ गुडच्यादिवटी

બનાવટ—ગળોનું એક્સટ્રૅક્ટ (ઘન) તો. ૪૦ મંડુરભસ્મ તો. [illegible]
શુદ્ધ ઝેરકુચલા તો. ૫ ક્વીનાઇન તો. [illegible]

રીત—ગળોનું ઘન લીલું હોય (નરમ જેવું હોય) તેમાં બ[illegible] બધું ચોળી ભેગી ઘુંટી યથા પ્રમાણે ગોળી બનાવી મુકી રાખ[illegible]

પ્રમાણ—૧ થી ૩ ગોળી.

સમય—સવાર, સાંજ બે વખત દૂધ સાથે.

ઉપયોગ—નબળાઇ, શીતાંસ, બરલ, લીવર, મંદાગ્નિ [illegible] વાયુ તથા પાંડુ અને સોજા વગેરે માટે ઉત્તમ છે. શક્તિ વધારે [illegible]

૧૭૬ गुडादिवटीका

બનાવટ— સૂંઠ તો. ૫ હરડેછાલ તો. [illegible]
પીપર તો. ૫ દાડમબીજ તો. [illegible]

[illegible] લઇ તેને વાટી તેમાં ૨૦ તોલા ગોળ નાખી [illegible] [illegible]

પ્રમાણ—[illegible] દિવસમાં બે વખત પાણી [illegible]

ઉપયોગ—[illegible] ૨.૫ અર્શ ગુલ્મ, [illegible]
[illegible]

==

૭૭ गंधकवटी

बनावट—લસણ, જીરૂં, શુદ્ધગંધક, સિંધાલુણ, શુંઠ, મરી, પીપર, શેકેલીહીંગ, સમભાગે લઈ ચૂર્ણ કરી લીંબુના રસમાં મર્દન કરી ચણા પ્રમાણે ગોળી બનાવી સુકવી લેવી.

प्रमाण—૨ થી ૪ ગોળી દિવસમાં ત્રણ વખત.

अनुपान—પાણી સાથે.

उपयोग—વાયુ, અજીર્ણ, ઉલટી, મોળ, અરૂચી, શુળ, ઝાડા, કોલેરા વગેરેમાં ઉત્તમ ઉપાય છે. કોલેરા માટે વખણાય છે.

सूचना—કોલેરામાં ડુંગળીના રસ સાથે એક કે બબ્બે કલાકે બબ્બે ગોળી આપવી ચાલુ રાખવાથી વાયુ શાંત થઇ ઝાડા બંધ થાય છે. અને પેટ ચડતું નથી તેમજ ગરમી ટકી રહે છે.

૭૮ चित्रकादिवटी (१)

बनावट—

ચિત્રકમૂળ	તો. ૨૦	ચવક	તો. ૨૦
અજમો	,, ૨૦	સંચળ	,, ૨૦
શુંઠ	,, ૨૦	વડાગરૂં મીઠું	,, ૨૦
મરી	,, ૨૦	સમુદ્રલવણ	,, ૨૦
પીપરજીણી	,, ૨૦	બીડલવણ	,, ૨૦
સિંધાલુણ	,, ૨૦	ઉત્તમયવક્ષાર	,, ૨૦
પીપરામૂળ	,, ૨૦	નવસાર	,, ૨૦
સારી અને શુદ્ધ કરેલી હીંગ			,, ૧૦
શુદ્ધ સાજીખાર (સોડા બાઇકાર્બ)			,, ૨૦
જીરૂં	તો. ૨૦		

બધી ચીજો લઈ સાથે મેળવી ખાંડી બારીક ભૂકો કરી લેવો. પછી તેમાં ક્ષાર મેળવી દેવા.

रीत—તૈયાર થયેલા ભૂકાને લીંબુના રસમાં ઘુંટી મર્દન કરી તેની ચણા જેવડી ગોળી બનાવી સુકાવી બાટલી ભરી રાખવી.

प्रमाण—૨ થી ૪ ગોળી.

अनुपान—પાણી કે છાશ સાથે.

उपयोग—મંદાગ્નિ, વાયુ, અરૂચી, પેટનો દુખાવો, નગારૂ અજીર્ણ, કબજીઆત, કાચા દસ્ત થવા, વગેરેને મટાડી ભૂખ લગાડે છે. તથા ખોરાક પચાવે છે.

૧૭૯ चित्रकादिवटी (२)

बनावट—

ચિત્રક	તો.	૫	પીપરીમૂળ	તો.	૧
સાજીખાર	,,	૫	યવક્ષાર	"	૧
પાંચલવણ	,,	૨૦	શુંઠ	"	૧
મરી	,,	૫	હીંગ	"	૧
પીપર	,,	૫	ચવક	"	
અજમોદ	,,	૫			

એ સર્વ દવાઓ લઈ તેને બારીક વાટી ચૂર્ણ કરી દાડમ રસમાં ઘુંટી ચણા જેવડી ગોળી બનાવી સુકવી રાખવી.

प्रमाण—૨ થી ૪ ગોળી. **अनुपान**—પાણી સાથે

समय—સવાર. બપોર અને સાંજ અથવા જમ્યા પછી

उपयोग—મંદાગ્નિ મટાડી આમને પચાવે છે તથા સારી ભૂખ લગાડે છે. અને ભોજન પચાવી રૂચી વધારે છે.

૧૮૦ चंद्रोदयनी गोळीओ

बनावट— [illegible] ચંદ્રોદય તો. ૧ [illegible] તો. ૧
[illegible] તો. ૧ [illegible]

જાવંત્રી	તો. ૧	ભીમસેનીકપુર	તો. ૧
અક્કલકરો	તો. ૧	કસ્તુરી	તો. ०।

રીત—દરેક વસ્તુઓનું બારીક કપડછાણ ચૂર્ણ લેવું અને ખરલમાં પ્રથમ ઘુટેલો ચંદ્રોદય નાખી તેમાં ઉપરનું ચૂર્ણ થોડું થોડું મેળવતા જવું. જ્યારે તે બરાબર ઘુંટાઈ જાય ત્યારે તેમાં નાગરવેલનાં પાનનો રસ જોઈતા પ્રમાણમાં નાખી ત્રણ કલાક ઘુંટી ચણા જેવડી ગોળીઓ વાળી બાટલીમાં ભરી લેવી.

પ્રમાણ—૨ થી ૪ ગોળી દિવસમાં બે વખત સવાર, સાંજ.

અનુપાન—દૂધ સાથે અથવા પાનમાં ખાઇ ઉપર દૂધ પીવું.

ઉપયોગ—ધાતુની નબળાઈ, વીર્યશ્રાવ, નસોનું શિથીલપણું, મંદાગ્નિ, વાયુ, શરદી, ક્ષય, દમ, પ્રમેહ, મગજનીનબળાઈ, વગેરે મટાડી વીર્યનો વધારો કરે છે તથા વાજીકરણ શક્તિ વધારે છે.

પથ્ય—સારો અને પૌષ્ટિક ખોરાક લેવો, બજારની મીઠાઈ, વાયડા કે ખાટા અને ગરમ પદાર્થોનો ઉપયોગ ન કરવો. તેમજ બ્રહ્મચર્ય પાળવું.

૬૮૧ चंद्रप्रभावटी नं. १

બનાવટ—કચુરો, વજ, મોથ, કરીઆતું, ગળો, દેવદાર, હળ-દર, અતિવિષ, દારૂહળદર, પીપરીમૂળ, ચિત્રક, ધાણા, હરડેદળ, બહેડાં, આમળાં, ચવક, વાવડીંગ, ગજપીપર, શુંઠ, મરી, પીપર, યવક્ષાર, સાજીખાર, સિંધાલુણ, સંચળ, બીડલવણ, સુવર્ણમાક્ષિકભસ્મ એ દરેક તોલો ०॥. નસોતર, દંતીમૂળ, તજ, તમાલપત્ર, એલચી, વાંસકપુર, દરેક તોલા બબ્બે. લોહભસ્મ તો. ૪, સાકર તો. ૮, શીલાજીત તો. ૧, ગુગળ તો. ૧૬ એ સર્વેનું ચૂર્ણ કરી લેવું. પ્રથમ ગુગળનો પાણીમાં કવાથ બનાવી તેમાં શિલાજીત મેળવી પછી બીજું ચૂર્ણ

મેળવી દેવું બરાબર ઘટ્ટ થાય ત્યારે ગોળી વાળવા જેવું થતાં તેને જરા ઘીવાળો હાથ આપી ચણા જેવડી ગોળી વાળી છાંયે સુકવી લઈ બાટલી ભરી લેવી.

प्रमाण—૨ થી ૪ ગોળી દિવસમાં બે વખત.

अनुपान—પાણી, દૂધ અથવા રોગાનુસાર.

उपयोग—સ્ત્રીઓનાં ઋતુદોષ, પુરૂષોના ધાતુદોષ, વીર્યવિકાર પ્રદર, પ્રમેહ, ઉનવા, ભગંદર, વીર્યશ્રાવ, મૂત્રકૃચ્છ, મૂત્રાઘાત, પથરી, અંડવૃદ્ધિ, કમળો, દાહ, નેત્રરોગ, પિત્તદોષ, વગેરે મટાડી શરીરને પુષ્ટ બનાવે છે. લાંબો વખત સેવન કરવાથી રસાયનીક ગુણ બનાવે છે.

૧૮૨ चंद्रप्रभावटी नं. २

रीत—ઉપર ચંદ્રપ્રભા નં. ૧ની જે બનાવટ બતાવી તેમાંથી કેશર શિલાજીત ન લેવી, બાકીની બધી ચીજો ઉપર અનુસાર પ્રમાણે લઈ ગોળી કરવી તેનું નામ વૈદ્યોમાં ચંદ્રપ્રભા નં. ૨ કહે છે

उपयोग—લગભગ નં ૧ને મળતો છે. આમાં કેશર શિલાજીતની ખામી છે તો જે દરદીને એની જરૂર ન હોય તેને આ વધારે ઠીક છે

૧૮૩ चंद्रप्रभावटी नं. ३

रीत—ઉપર નં ૧ની ચંદ્રપ્રભામાં લોહભસ્મ નથી [illegible] [illegible] કરી તૈયાર [illegible] [illegible]

उपयोग—[illegible]

૮૪ छर्दिरिपु

घनावट— કપુરકાચડી તો. ૧૦, જોઇએ તેટલું પાણી.

रीत—પ્રથમ કપુરકાચડીનું બારીક ચૂર્ણ લઈ તેને ખરલમાં ાખી પાણી સાથે બરાબર ઘુંટી ચણા જેવડી ગોળી બનાવી છાંયે કી બાટલીમાં ભરી લેવી.

प्रमाण—મોટા માણસને ૨ થી ૪ ગોળી, બાળકને ૧ થી ૨ ળી.

अनुपान—સ્વચ્છ પાણી તોલા બે લઇ દવા મેળવી તૈયાર ી લેવી.

समय—જરૂર જણાય ત્યારે અથવા બબ્બે કલાકે.

उपयोग—ગમે તે કારણથી આવતી ઉલટી, ખાલી ઉબકા, ાયુની મોળ, બાળકને આવતી વાયુની ઉલટી વગેરેમાં વપરાય.

૮૫ जयवटी

घनावट—શુદ્ધ મનશીલ તો. ૧, શુદ્ધ હરતાલ તો. ૧, શુદ્ધ ધક તો. ૧, શુદ્ધ પારદ તો. ૧ાા, લઈ મર્દન કરી તેમાં તામ્રભસ્મ . ા નાખી ઘુંટી આકડાના દૂધમાં તથા ભોંરીંગણીના રસમાં, ોના રસમાં, ત્રિફળાના કવાથમાં, ચિત્રકના અને ચવકના ઉકાળામાં ુદી જુદી એક ભાવના આપી મર્દન કરી એક ગોળો કરી લેવો. ગોળાને સુકવી તેનાપર આકડાનાં પાન વીંટીને ઉપર દશ કપડ- ટી કરી તેને સુકવી કુકુટ પુટમાં પકાવી લેવું. ઠંડું થયા બાદ રની કપડમાટી તથા પાન વગેરે દૂર કરી બહુજ સંભાળથી તેમનો ો કાઢી લઈ ખરલમાં ઘુંટી તેનું વજન સાત તોલા થાય તો ાં શુદ્ધ વચ્છનાગ, ફુલાવેલો ટંકણખાર, પીપર, કાળામરી, એ દરેક

દવાઓ ચૌદ ચૌદ આનીભાર તથા શુદ્ધ નેપાળો તો. ૩॥ નાખી સર્વને ઘુંટી તેને લીંબુનારસની તથા આદુનારસની એક ભાવ[illegible] આપી ઘુંટી મગ પ્રમાણે ગોળી બનાવી લેવી.

प्रमाण—૧ ગોળી, વધુ જરૂર જણાય તો ૨ ગોળી સવાર સાંજ લેવી.

अनुपान—પતાસામાં મૂકી ચાવી જવી અથવા મધ સાથે લેવી.

उपयोग—કફજ્વર, વાતજ્વર, શ્વાસ, ખાંસી, મંદાગ્નિ, [illegible] પાંડુરોગ, ભગંદર, વગેરેમાં ઠીક છે. ખાસ કરી આ ગોળીથી દસ્ત [illegible] ત્રણ આવી પેટ સાફ થઈ જ્વર ઉતરી જાય છે. અનુપાન ભેદે તમામ દરદમાં વપરાય છે.

૧૮૬ ज्वरघ्नीवटी (१)

बनावट— કીનાઈન તો. ૨ પીપરમેન્ટફુલ વા. ૩ [illegible]
કપુર વાલ ૬ રસવંતી તો ૧
શુદ્ધ હિંગળો તો. ०।

रीत—રસવંતી સિવાયની બધી દવાઓને ખરલમાં ઘુંટી ને રસવંતી નાખી ઘુંટી ચણા પ્રમાણે ગોળી બનાવી સુકવી [illegible]

प्रमाण—૨ ગોળી દિવસમાં ત્રણ વખત.

उपयोग—જુનો તાવ, પેટનાં દરદો સાથેનો તાવ, [illegible] [illegible] અને નવા અથવા કોઈપણ જાતના ચાલુ તાવ માટે [illegible] [illegible] છે.

सूचना—આ દવા મુખ્ય કીનાઈન હોવાથી [illegible] [illegible] વાપરવી

—

૧૮૭ ज्वरघ्नीवटी (२)

बनावट— પીપર તો. ૨ જીરૂં તો. ૨॥
કાંકચની મીંજ તો. ૪ બાવળનાંપાન તો. ૨॥

रीत—દરેકને બારીક વાટી ખરલમાં નાખી તેને પાણી સાથે ઘુંટી વટાણા પ્રમાણે ગોળી બનાવી સુકવી રાખવી.

प्रमाण—૨ થી ૪ ગોળી, દર ત્રણ ત્રણ કલાકે.

अनुपान—ગરમ પાણી સાથે લેવાય.

उपयोग—દરેક પ્રકારના તાવ માટે વપરાય છે તેથી તાવ ઉતરે છે તથા ટાઢીઓ તાવ અટકે છે.

૧૮૮ ज्वरांतकवटी

बनावट—ગળોસત્વ તો. ૧ વંસલોચન તો. ૦॥
એલચીબીજ તો. ૦॥ જહેરમોહરાખતાઇ તો. ૦॥
ક્વીનાઇન તો. ૦॥ એન્ટીફેબરીન તો. ૦॥

रीत—દરેક ચીજ બરાબર વાટેલી લાવી સાથે મેળવી ઘુંટી ગુંદના પાણી સાથે ચણાપુરની ગોળી બનાવી રાખવી.

समय—સવાર, બપોર અને સાંજ.

प्रमाण—૧ થી ૨ ગોળી.

अनुपान—નીચે જણાવેલ શરબત સાથે ગોળી લેવી.

શરબત બનાવવાની રીત.

ગુલેબનફસા તો. ૦॥, ગાવઝબાન તો. ૧, આલુબુખારા નંગ ૧૫, નીલોફર તો. ૦॥, ખતમીનાંબીજ તો. ૧, ઉનાબદાણા નંગ ૧૫, ગુલાબફુલ તો. ૦॥, અનીસુન તો. ૧, જેઠીમધ તો. ૧ સેવતીફુલ

તો. ૦॥, અફતીનફમી તો. ૧ તુખ્મખ્યારીંગ તો. ૨, તુખ્મ
તો. ૨ લાવી તેને જરા કુટી તેમાં ૧૨૦ તોલા પાણી નાખી
કરવો, જ્યારે ૪૦ તોલા બાકી રહે ત્યારે ઉતારી ગાળી તેમાં
ળી તો. ૧૦ નાખી ચુલે ચડાવવો. તથા તેમાં સાકર તો. ૧૦
શરબત બનાવી લેવું. તૈયાર થયેલ શરબત તો. ૨ માં પાણી
નાખી ગોળી સાથે લેવાથી તાવ ઉતરી જાય છે, તરસ
પસીનો આવી ગરમી ઘટી જાય છે.

१८९ जातिफलादिवटी (१)

बनावट— જાયફળ તો. ૧ લવંગ તે
પીપર તો. ૧ સિંધાલુણ તે
શુંઠ તો. ૧ શુદ્ધ કનકબીજ તો
શુદ્ધ હિંગુલ તો. ૧ ટંકણખાર તો

रीत—બધી ચીજોને વાટી લીંબુના રસમાં મર્દન કરી
પ્રમાણે ગોળી વાળી સુકાવીને રાખવી.

प्रमाण—૧ થી ૨ ગોળી. **अनुपान**—પાણી સાથે

समय—દર ત્રણ ત્રણ કલાકે.

उपयोग—આમાતિસાર, સંગ્રહણી મંદાગ્નિ અને
મરી ૫ચનશક્તિ મજબૂત થાય છે.

१९० जातिफलादिवटी (२)

बनावट [illegible]

[illegible]

प्रमाण [illegible]

अनुपान [illegible]

समय—દર ચાર ચાર કલાકે દિવસમાં ત્રણ વખત.

उपयोग—અતિસાર, સંગ્રહણી, આમાતિસાર કે પ્રવાહીકા માટે.

सूचना—આ દવામાં અફીણ મુખ્યભાગે આવે છે માટે ધ્યાન રાખીને વાપરવી. બાળકને આ દવા બનતાં સુધી આપવીજ નહિં.

१९१ जुना तावनी गोळी

बनावट—

અતિવિષ	તો. ૪	કડુ	તો. ૨
ક્વીનાઈન	તો. ૧	એન્ટીફેબ્રીન	તો. ૧
સીન્કોના	તો. ૨		

रीत—દરેક વસ્તુનું ચૂર્ણ લઈ મધ સાથે ખરલમાં ઘુંટી વટાણા જેવડી ગોળીઓ બનાવી લેવી અને તેને બાટલીમાં ભરી રાખવી.

प्रमाण—૨ ગોળી એક વખત માટે, દિવસમાં ૮ થી વધુ ન લેવી.

समय—સવાર, બપોર, સાંજ અથવા જરૂરત પ્રમાણે.

अनुपान—પાણી અથવા ચહા સાથે.

उपयोग—જુના અને લાંબી મુદતના હઠીલા તાવ માટે તેમજ તાવ, માથાનો દુખાવો, મલેરીઆજ્વર વગેરે માટે ઠીક ઉપયોગી છે.

१९२ दाडिमीवटी

बनावट—

કડાછાલ	તો. ०॥	ખુરાસાની અજમો	તો. ०॥
કેશર	,, ०॥	ઉપલેટ	,, ०॥
ગાંજો	,, ०॥	ગુગળ	,, ०॥
બીલીનો ગરભ	,, ०॥	લોદર	,, ०॥
ધાવડીનાં ફુલ	,, ०॥	આંબાની ગોટલી	,, ०॥
અફીણ	,, ०॥	કાચા દાડીમ	નંગ ૨

રીત—ઉપરની તમામ દવાઓનું ચૂર્ણ તૈયાર કરી [illegible] અને માત્ર બે દાડીમ જુદાં લઈ તેમાં ડગળી આપી વચ્ચે [illegible] કરી તેમાં ઉપરનું ચૂર્ણ તથા તેનાં બીયાંને ભરી ડગળી બંધ [illegible] તેના ઉપર લીલું કપડું વીંટી ઉપર માટી લગાડી થોડાક [illegible] અગ્નિમાં પકાવવું. જ્યારે ઉપરની માટી બરાબર લાલ થાય ત્યારે [illegible] લઈ ઠંડું થવા દેવું. પછી તે બે દાડમ ઉપરથી કપડું માટી દૂર [illegible] આખા બે દાડીમને ખરલમાં વાટી મધ નાખી વટાણા જેવડી [illegible] બનાવી લેવી.

પ્રમાણ—૨ ગોળી દિવસમાં બે થી ત્રણ વખત લેવી.

અનુપાન—પાણી સાથે.

ઉપયોગ—ઝાડો, મરડો, રક્તાતિસાર, પ્રવાહીકા વગેરે [illegible] તેના જોરદાર હોય તો પણ મટે છે.

૧૬૩ दुग्धवटी

बनावट— વછનાગ તો. ૦॥। અફીણ તો. [illegible]
લોહભસ્મ તો. ૦॥ અભ્રકભસ્મ તો [illegible]

रीत—ઉપરની દવાઓને ખરલમાં ઘુંટી દૂધમાં વાટી [illegible] રતિભારની અથવા એક મૈનની ગોળી બનાવી સુકાવીને [illegible] ભરી લેવી.

प्रमाण—[illegible] થી ૪ ગોળી (૧ થીર રતિભાર.)

अनुपान—દૂધ સાથે. સવાર સાંજ બે વખત.

उपयोग—[illegible] સંગ્રહણી, મંદાગ્નિ, વિષમજ્વર, [illegible] [illegible] મટે છે.

पथ्य—[illegible]

૧૯૪ पथ्यादिवटी

बनावट—સારી હરડે લઇ તેનાં ચૂર્ણ તો. ૫ માં શુંઠનું ચૂર્ણ તો, ૨।। નાખી મેળવી તેમાં ખપે તેટલો ગોળ નાખી ઘુંટી ચણીબોર પ્રમાણે ગોળી કરી રાખવી.

प्रमाण—૩ થી ૬ ગોળી એક વખતે લેવી.

अनुपान—પાણી અથવા રોગ મુજબ.

समय—રાત્રે અથવા જરૂર જણાય ત્યારે.

उपयोग—તમામ રોગોમાં વપરાય તેવી ઉત્તમ દવા છે. આ દવાથી દસ્ત સાફ આવી વાયુ શાન્ત થાય છે, અને આજકાલ સર્વ રોગનું મૂળ તપાસીશું તો તેમાં પ્રથમ વાયુ અને કબજીઆત મુખ્ય હોય છે. આ સાદી દવાથી મહાત્મા લોકો ભયંકર વ્યાધિઓ મટાડી ચમત્કાર બતાવી ગયા છે. તેજ આ શાસ્ત્રિય પ્રયોગ છે. દરેકને બનાવી વાપરવા ભલામણ છે.

૧૯૫ प्रदरान्तकवटी

बनावट—ગુલાબજળમાં વાટેલ અફીક તો. ૧, ગુલાબજળમાં વાટેલ કહેરોબા તો. ૧, હીરાદખણ તો. ૨, રસવંતી તો. ૩.

रीत—ખરલમાં ઘુંટીને જરૂર પડે તેટલું પાણી નાખીને વટાણા પ્રમાણે ગોળી બનાવી લેવી.

प्रमाण—૨ ગોળી.

अनुपान—ચોખાના ધોવણ સાથે.

समय—સવાર, સાંજ.

उपयोग—રક્તપ્રદર, રક્તાર્શ, રક્તાતિસાર, વગેરેમાં લોહી પડતું બંધ કરે છે.

१९६ प्रमेहांतकगोळीओ

बनावट—વાંસકપુર, શિલાજીત, રૂમીમસ્તકી, ઈશરી, રાળ, અણુકબાબ, એલચી, હળદર એ સર્વે સમભાગે લઈ વાટી ચૂર્ણ બનાવી સુખડના તેલમાં ઘુંટી વટાણા જેવડી ગોળી બનાવી શીશી બાટલી ભરી રાખવી.

प्रमाण—૨ ગોળી દિવસમાં ત્રણ વખત.

उपयोग—તાજણીયો પ્રમેહ, ઉનવા, પેશાબમાં બળતરા થતી, રસી આવવી વગેરે તમામ દરદોને તરતમાં આરામ આપે છે. ચોવીસ કલાકમાં ૭ રોઝ લેવાથી તત્કાળ શાન્તી થાય છે. સુજાક (પરમીઓ) માટે સારી દવા છે.

१९७ प्रवाहीकावटी (१)

बनावट—બીલીફળનો ગરભ, મોચરસ, નાગરમોથ, ધાવડીનાં ફુલ, સુંઠ, જાયફળ, અફીણ એ સર્વે એકેક તોલો લેવાં.

रीत—બધી દવાઓ ખાંડી ભૂકો કરી અફીણનો રસ બનાવી તેમાં ઉપરની દવાઓનું ચૂર્ણ નાંખી ઘુંટી લઈ રતિ ગોળી કરવી.

प्रमाण ૧ થી ૨ ગોળી.

समय-સવાર, બપોર ને સાંજ.

उपयोग ઝાડા મરડા અને આમાતિસાર મટે છે.

१९८ प्रवाहीकावटी (२)

बनावट-અફીણનું ૧ ભાગ હિંગોળુક ૨ ભાગ, કપુર [illegible]

रीत—એક નાની ખરલમાં ત્રણેને વાટીને જરા પાણીની સાથે ઘુંટી મરી જેવડી ગોળી બનાવી લેવી. આસરે ાા થી ૧ ગ્રેનની ગોળી બનાવવી જોઇએ.

प्रमाण—૧ થી ૨ ગોળી સવાર સાંજ બે વખત.

अनुपान—મધ સાથે ચાટવી અથવા પાણી સાથે લેવી.

उपयोग—મરડો, આમાતિસાર, પ્રવાહીકા, સંગ્રહણી, ઝાડો, ખાસ કરી જુના મરડામાં વખણાય છે.

सूचना—આ દવા નાનાં બાળક માટે વાપરવી હોય તો બહુજ સંભાળથી ઓછી માત્રામાં વિચારીને આપવી. કારણ કે તેમાં અફીણ ખાસ આવે છે. વળી યોગ્ય પથ્ય રાખી દવા લેવી.

पथ्य—મરડાના રોગી માટે છાશ, ભાત અને દાડમનો રસ અથવા બીલીનો મુરબ્બો આપવાથી આ દવા જલદી ફાયદો આપે છે.

१९९ पिप्लीक्षारवटी

बनावट—

પીપર	તો. ૧	મરી	તો. ૧
દાડમબીજ	તો. ૨	યવક્ષાર	તો. ાા
ગોળ	તો. ૮		

સુકી દવાઓ વાટી ચૂર્ણ કરી ગોળમાં મેળવી ગોળી બનાવી રાખવી.

प्रमाण—એકેક ગોળી મોંમાં રાખી ચુસવી.

उपयोग—ખાંસી, ગળાનો રોગ, સ્વરભંગ વગેરેમાં આ ગોળી મોંમાં રાખી ચુસવાથી સારો ફાયદો થાય છે.

२०० बालरक्षकगुटीका

बनावट—જાયફળ, જાવંત્રી, તજ, લવંગ, એલચી, અજમો, મેદમરી, વાપુંબા, વાવડીંગ, સુવા, સંચળ, હરડે, કરીયાતું, શાંકર, અતિવિષ, દાડમછાલ, પીપરીમૂળ, વંસલોચન, એળીઓ, હીરાબોળ, ખસખસ, લોબાન, કેશર એ સર્વે સમભાગે લેવાં.

रीत—દરેક વસ્તુનું સમભાગે ચૂર્ણ કરી કપડછાણ બનતી મધ સાથે ઘુંટી મગનાદાણા જેવડી ગોળી બનાવી સુકવી બાટલી ભરી રાખવી.

प्रमाण—૧ થી ૨ ગોળી, વયઃ ૧ થી ૧૨ માસ સુધીના માટે. ૨ થી ૪ ગોળી, વયઃ ૧ થી ૨ વર્ષના માટે.

समय—સવાર, સાંજ બે વખત.

अनुपान—દૂધ કે ધાવણ હોય તેમાં મેળવીને પાઈ દેવું.

उपयोग—નાનાં બાળકોનાં તમામ દરદોમાં વપરાય છે. નિયમિત આનુ વાપરવાથી શરીર મજબુત થાય, દૂધ પચે, ભૂખ લાગે, [illegible] આવે, તાવ, ખાંસી, ઝાડા, ઉલટી, વાયુ, અજીર્ણ, નબળાઈ વગેરે મટી બાળકને આરામથી નિદ્રા આવે, રક્તનું [illegible], [illegible] શરીર મજબુત બને

सूचना—[illegible] બાળકોને ન વાપરતા આના અનુભવી [illegible] વાપરવા [illegible] કરવામાં આવે છે.

२०१ बालरक्षकगोटी

बनावट—[illegible]
[illegible]
[illegible]

મરડાશીંગ, એ સર્વ સમભાગે લઇ વાટી ચૂર્ણ કરી લેવું. અને તેમાં ગુલાબનું પાણી નાખી ઘુંટી સોપારી જેવડી મોટી સોગઠી બનાવી સુકાવી રાખવી.

ઉપયોગ—નાનાં બાળકોના તાવ, ખાંસી, કબજીઆત, પેટનું દરદ વગેરેમાં જ્યારે જરૂર જણાય ત્યારે આ સોગઠીને સાફ પથ્થરપર જરા પાણી સાથે ઘસીને એક બે રતિભાર દવા પાઇ દેવી, જેથી પેટ સાફ થઈ જ્વરાદિ ઉપદ્રવો તરત મટી જાય છે. હમેશાં ઘરમાં રાખવા લાયક છે. પેટના ભારને તોડી દૂધ પચાવે છે.

૨૦૨ બ્રાહ્મીવટી

બનાવટ—

અભ્રકભસ્મ	તો. ૧	રસસિંદુર	તો. ૧
સુવર્ણમાક્ષિકભસ્મ	તો. ૧	લોહભસ્મ	તો. ૧
શુદ્ધશિલાજીત	તો. ૧	વાવડીંગ	તો. ૧
બ્રાહ્મીચૂર્ણ	તો. ૬		

રીત—દરેકને ખરલમાં બરાબર બારીક વાટી મધ સાથે ઘુંટી ચણા પ્રમાણની ગોળી બનાવી રાખવી.

પ્રમાણ—૨ ગોળી દૂધ સાથે.

સમય—સવાર, સાંજ બે વખત.

ઉપયોગ—મગજની નબળાઈ, યાદશક્તિની ખામી, ધાતુસ્રાવ, પ્રમેહ, નબળાઈ, બુદ્ધિની મંદતા વગેરે મટી યાદશક્તિ ખીલે છે.

૨૦૩ ભગંદરાદિમોદક

બનાવટ—ચોપચીનીનું બારીક કપડછાણ કરેલું ચૂર્ણ તો. ૧૧, દેશી સાકર તો. ૧૧ આ બે ને મેળવી તેમાં ઝીણી ધારથી ઘી નાખતા જવું અને મેળવતા જવું, લાડુ બનાવવા જેવું થતાં તેનો લાડુ બનાવી લેવો.

प्रमाण—ઉપર લખેલ એક લાડુ એક વખતમાં ખાવો.

अनुपान—લાડુ ખાઈ ઉપરથી દૂધ પીવું.

समय—સવાર, સાંજ બે વખત.

मुद्दत—આ દવા ફક્ત ચૌદ દિવસ કરવાથી ફાયદો થાય

परेजी—ઘી, રોટલી અને દૂધ સિવાય કંઇએ ખાવું ન દૂધમાં સાકર લઇ શકાય.

उपयोग—નવો અથવા જુનો ભગંદર મટે છે. આ ઉ અત્યંત ખાત્રીયુક્ત અને એક ગૃહસ્થે અનુભવેલો હોવાથી અ દાખલ કરેલ છે. વધુમાં તેણે જણાવેલ કે એક મહાત્માએ અ દરદમાં આ દવાથી દરદ મટાડી આપ્યું હતું અને શક્તિ આવી હતી.

सूचना—દવા ગરમ જણાય તો ખોરાકમાં ઘી, દૂધ વ લેવા. છતા પણ જો ગરમ જણાય તો દવાનું પ્રમાણ ઓછું આપવું. આ દવાથી અનેકને સારો ફાયદો થયો છે. [લેખ

૨૦૨ मागोत्तरवटी

बनावट—

શુદ્ધ પારદ	તો. ૧	શુદ્ધ ગંધક	[illegible]
પીપર	તો. ૩	હરડેદળ	[illegible]
બહેડાદળ	તો. ૫	[illegible]	[illegible]
[illegible]	તો. ૭		

रीत—[illegible]

प्रमाण—[illegible]

उपयोग—ખાંસી, અથવા શ્વાસ, દમ માટે સારો ઉપાય છે. એથી ખાંસી, દમ મટે છે.

૨૦૫ भीमसेनीगुटीका

बनावट—મોટી હરડેની છાલ, નાની હરડે, કડુ, ઇંદ્રવારૂણી-ની જડ, કુવાડીયાનાં બીજ, રેવચીનીનો શીરો, શુંઠ, મરી, પીપર, બહેડાંછાલ, આમળાંની છાલ, એ સર્વ સમભાગે તથા એ સર્વથી બમણું એળીઆનું ચૂર્ણ લેવું.

रीत—ઉપરની દવાઓને ખરલમાં નાખી કુંવારના રસમાં બે દહાડા ઘુંટી વટાણા જેવડી ગોળી બનાવી લેવી.

प्रमाण—૧ થી ૨ ગોળી.

अनुपान—પાણી સાથે રાત્રે સુતી વખતે લેવાય.

उपयोग—જુલાબની ગોળી તરીકે લેવાથી પેટને સાફ કરી અજીર્ણ આન મટાડે, ઉદરરોગ, કમળો, કૃમીરોગ, જીર્ણજ્વર, અર્શ, વગેરેમાં પેટ સાફ કરી ફાયદો આપે છે.

૨૦૬ भृंगराजवटी

बनावट— ભાંગરાનાં પાન તો. ૫ કાળાંમરી તો. ાા

બંન્નેને સાથે વાટી ઘુંટી તેની ગોળી ચણીબોર પ્રમાણે બનાવી સુકવી રાખવી.

प्रमाण—૨ ગોળી, સવારે તથા સાંજે પાણી સાથે.

उपयोग—દરેક જાતના સુકા તથા દુઝતા અર્શમાં ફાયદો કરી અર્શરોગ મટાડે છે.

२०७ मल्लगुटीका

बनावट—શુદ્ધ સોમલ તો. ૧, એલચીનાં બીજ તો. વંસલોચન તો. ૧, એ સર્વેને વાટી કપડછાણ કરી એક ખર ઘુંટી લઇ તેમાં નાગરવેલનાં દેશીપાન એકેકપાન લઇ નાખતા અને ઘુંટતા જવું આમ પચાસ પાન નાખી ઘુંટી લેવું. પછી બસો પાનનો રસ નાખી એક દિવસ બરાબર ઘુંટી લઈ બાજરીના દાણા જેવડી ગોળી બનાવી લેવી.

प्रमाण—૧ ગોળી પાણી સાથે.

समय—સવાર, સાંજ બે વખત.

उपयोग—ખાંસી, શ્વાસ, મંદાગ્નિ, વાયુના અને [illegible] જુના રોગો વગેરે માટે ઉત્તમ છે.

सूचना—ખોરાકમાં ઘી, દૂધ વધારે આપવું અને ગરમ [illegible] મરચાં વગેરે ન ખાવી, તેમજ એકાદ માસ દવા લઈ વચ્ચે [illegible] દિવસ બંધ કરી આપવી.

२०८ मरडानी गोळी

बनावट અફીણ તો ૧ કેશર [illegible]

[illegible] તો ૧ [illegible] [illegible]

विधि [illegible] અફીણનો [illegible] [illegible] [illegible] નાખી ઘુંટીને [illegible]

प्रमाण [illegible]

समय [illegible]

अनुपान [illegible]

उपयोग—પરૂવાળો, આમવાળો ઝાડો, મરડો, ચૂંક મટે છે. મરડા માટે અકસીર છે, તથા તેને ત્રણ દિવસમાં મટાડી આરામ આપે છે.

२०९ मरिच्यादिवटी

बनावट— કાળાંમરી તો. ૨ પીપર તો. ૨
યવક્ષાર તો. ૧ દાડમછાલ તો. ૪

रीत—દરેકનું જુદું જુદું ચૂર્ણ લઈ વાટી ખરલમાં મધ સાથે મેળવી ચણા જેવડી ગોળીઓ બનાવી સુકવીને તૈયાર કરવી.

प्रमाण—આખા દિવસમાં ૬ થી ૧૨ ગોળી.

अनुपान—પાણી સાથે બે બે ગોળી લેવી અથવા ખાંસી માટે એકેક ગોળી મોંમાં રાખી ચુસવી.

उपयोग—ખાંસી, દમ, ઝાડા, પેશાબની મુશ્કેલી વગેરેમાં વપરાય છે. સંધિવામાં પણ વાપરી શકાય.

२१० महामारीगुटीका (१)

बनावट—લાલમરચાં તો. ૨, શેકેલીહીંગ તો. ૨, કપુર તો. ૨, શેકેલીભાંગ તો. ૨, અફીણ તો. ૦॥ લઈ વાટી અફીણનો કસુંબો નાખી પછી તેને આદુનારસમાં ઘુંટી ચણા પ્રમાણે ગોળી બનાવી સુકવી લેવી.

प्रमाण—૨ ગોળી.

अनुपान—રહેજ ગરમ પાણી સાથે.

समय—દર એકેક કલાકે અથવા જરૂરત પ્રમાણે.

उपयोग—કોલેરા, વિષુચિકા, ઝાડા, ઉલટી, નબળાઈ, ગોટલાં ચડવાં વગેરે ભયંકર વ્યાધિમાં સારૂં કામ કરે છે.

२११ महामारीगुटीका (२)

बनावट—

લસણ	તો. ૧	જીરૂં	તો. [illegible]
શુદ્ધ ગંધક	,, ૧	શુંઠ	,, [illegible]
મરી	,, ૧	પીપર	,, [illegible]
શેકેલી હિંગ	,, ૧	શુદ્ધ હિંગળો	,, [illegible]
સરપંખાનામૂળની છાલ તો. ૨			

रीत—એ બધી ચીજોને બારીક વાટી ભૂકો કરી કપડે છા[illegible] લીંબુના રસમાં ચણા જેવડી ગોળી બનાવી સુકવી રાખવી.

प्रमाण—૨ ગોળી, દર એકથી બબ્બે કલાકે.

अनुपान—પાણી અથવા પીપરમેન્ટના પાણી સાથે.

उपयोग—કોલેરાની શરૂઆતમાં દવા તરીકે આ ગોળી વાપરવા લાયક છે. ઝાડા, ઉલટી, નબળાઇ, પેટનો વાયુ વગેરે મટે છે

२१२ मुखवासवटी

बनावट—[illegible] જાવંત્રી, લવંગ, સુંઠ, અકલકરો, [illegible] કેસર, [illegible], જેઠીમધનો શીરો, કબાબચીની, કપુર, [illegible] [illegible] દરેક વસ્તુ સમભાગે લેવી

रीत—દરેક વસ્તુઓનું કપડછાણ કરેલું બારીક [illegible] [illegible] [illegible]

प्रमाण—[illegible]

गुण—[illegible]

દ્યાવો, કફ, પેટનું દરદ, સાદ બેસી જવો, અપચો, શળ વગેરે થી શરીર સતેજ બને છે.

૨૧૩ मंडुरवटी

बनावट—દેવદાર, મોથ, દારૂહળદર, શુંઠ, મરી, પીપર, ચવક, ચિત્રક, પીપરીમૂળ, તજ, વાવડીંગ, હરડેછાલ, બહેડાંછાલ, આમળાં, સુવર્ણમાક્ષિકભસ્મ, એ પંદર ચીજો સમાનભાગે એટલે દરેક અકેક તોલો કરતાં પંદર તોલા, મંડુરભસ્મ તોલા ૩૦, ગૌમૂત્ર તોલા ૪૪૦ એક લોઢાનાં વાસણમાં પ્રથમ ગૌમૂત્રને નાખી તેમાં ઉપરનાં વસાણાનું ચૂર્ણ તથા ભસ્મો મેળવી ધીમે તાપે ઉકાળી ગોળી વાળવા જેવું થાય ત્યારે ઉતારી લઈ ઠંડું થતાં ચણા જેવડી ગોળીઓ બનાવી સુકવીને બાટલીમાં ભરી રાખવી.

प्रमाण—૨ થી ૪ ગોળી દિવસમાં બે વખત.

अनुपान—છાસ અથવા પાણી સાથે.

उपयोग—કમળો, પાંડુ, હરસ, પ્રમેહ, સોજા, નબળાઈ, બરલ, અજીર્ણ, મંદાગ્નિ, કુષ્ટરોગ, કફરોગ, વગેરેમાં વખણાય છે.

૨૧૪ यकृतरोगनाशकवटी

बनावट—

કડુ	તો. ૨૦	સંચળ	તો. ૪
સિંધાલુણ	તો. ૪	નવસાગર	તો. ૧૦
હિંગ	તો. ૨		

रीत—ઉપરની દવાઓનું બારીક ચૂર્ણ કરી તેને પ્રથમ ગૌમૂત્રની તથા ચિત્રકના ક્વાથની. અને કુંવારનારસની ત્રણ ત્રણ ભાવનાઓ આપી ઘુંટી વટાણા જેવડી ગોળી બનાવી સુકવી બાટલીમાં ભરી લેવી.

प्रमाण—બબ્બે ગોળી. **समय**—દિવસમાં ત્રણ [...]

अनुपान—સ્હેજ ગરમ પાણી સાથે અથવા કુમાર્યાસવ [...]

उपयोग—યકૃત, પ્લીહા, પેટની કોઇપણ ગાંઠ, આ પ્રયે[...] મટી ભૂખ લાગે છે અને લોહી સાફ થઈ પેટ ચોકખું થાય છે.

२१५ यष्टीमधुवटी (१)

बनावट—

એલચી	તો. ૪	લવંગ	તો. [...]
બહેડાંની છાલ	તો. ૪	વરીઆળી	તો. [...]
ચોખો કાથો	તો. ૪	કાળાંમરી	તો. [...]
જેઠીમધ	તો. ૪	જેઠીમધનો શીરો	તો. [...]
પીપરમેન્ટનાં ફુલ	તો. ૧		

रीत—પ્રથમની આઠ દવાઓનું બારીક ચૂર્ણ કરી તે[...] નવમી દવા મેળવી પાણી સાથે ખરલમાં ઘુંટી વટાણા જેવડી ગો[...] બનાવી સુકવીને બાટલીમાં ભરી લેવી.

प्रमाण—આખા દિવસમાં બાર ગોળી સુધી લેવી.

समय—મોઢામાં ગોળી રાખી ચુસ્યા કરવી જ્યારે [...] ખાંસી આવે ત્યારે ખાસ લેવી જરૂર.

उपयोग—[illegible]

२१६ यष्टीमधुवटी (२)

बनावट—[illegible]

प्रमाण—૧ થી ૧૦ ગોળી સુધી.

वापरवानी रीत—મોંમાં રાખી ચુસવી.

उपयोग—ખાંસી, ગળાનો દુઃખાવો, સ્વરભંગ, કફ, થતો ક્ષય સળેખમ, સુસ્તી, સુકીખાંસી વગેરે માટે છે. ગોળી સ્વાદમાં સારી થાય છે, અવાજ સુધારે છે.

૨૧૭ योनीसंकोचनवटी

बनावट—ફુલાવેલ ફટકડી તો. ૪ માયાફળ ચૂર્ણ તો. ૪

બંન્નેને સાથે વાટી લેવું. સાકર તો. ૫ નું ચૂર્ણ લઇ એક વાટકીમાં નાખી તેમાં ઘી નાખી સ્હેજ તાપ ઉપર ગરમ કરવું. જ્યારે સાકર રસરૂપ થાય ત્યારે ઉપરની ચીજોનું ચૂર્ણ નાખી ઘુંટી તેની તરતજ ગોળી ચણીબોર પ્રમાણેની બનાવી રાખવી. ગોળી તરતજ બનાવી લેવી, નહિં તો દવા સખત થઇ જશે.

उपयोग—આ ગોળી ઉપર જરા રૂ (કપાસ) લપેટી તેના ઉપર જરા ગાયનું ઘી લગાડી તેને યોનીમાં રાખવાથી યોની મજબુત થાય છે અને પ્રસુતિ પછી થનારા અનેક ઉપદ્રવો તથા નબળાઇ અને વાયુ મટી શરીર મજબુત થાય છે.

सूचना—જ્યાંસુધી જરૂર જણાય ત્યાંસુધી આશરે ૮ થી ૧૫ દિવસ લગી આ દવા કરવી જોઇએ અને જો ગરમી જેવું જણાય તો તરત દવાની ગોળી કાઢી લઇ ત્યાં ઘીનું પોતું રાખવાથી તરત શાન્તી થઇ જશે. પણ સંકોચન કાર્ય માટે અકસીર છે.

૨૧૮ रजःप्रवर्तनीवटी

बनावट— એળીઓ	તો. ૧	હીરાબોળ	તો. ૧
ટંકણખાર શુદ્ધ	તો. ૧	શુદ્ધહીંગ	તો. ૧

શુદ્ધ હિરાકસી તો. ૧ શુદ્ધ સોમલ રતિ
જટામાસી તો. ૧

રીત—ઉપરની દવાઓને બરાબર વાટી તેનું ચૂર્ણ કરી એકસ્ટ્રેટ સમ્બલમાં વાટી મટરનાદાણા પ્રમાણે ગોળી બનાવી રાખ

પ્રમાણ—૨ ગોળી સવાર સાંજ પાણી સાથે.

ઉપયોગ—ઋતુ લાવવા તથા મગજની અને જ્ઞાનતંતુની નબળાઈ મટાડી શરીરમાં કંઈપણ દરદ કર્યા સિવાય ઋતુ સાફ લાવે છે અને નબળાઈ મટાડી શરીરમાંનો વાયુ મટાડે છે.

સમય—ઋતુ આવ્યા પહેલાં આ દવા એક બે અઠવાડિયા અગાઉ શરૂ કરવી અને ઋતુ આવ્યા પછી બંધ કરી આપવી.

૨૧૯ रजःपुष्पादिवटी

બનાવટ— રસસિંદુર તો. ૧ વાવડીંગ ચૂર્ણ તો. ૧
એળીઓ તો. ૧ હીંગ તો. ૧

આ દવાઓને કુવારના રસમાં વાટી ચણા પ્રમાણે ગોળી બનાવી રાખવી.

પ્રમાણ—૨ ગોળી **સમય**—સવાર સાંજ બે વખત

અનુપાન—ઘી મધ સાથે ઉપર [illegible]

ઉપયોગ—ઋતુ [illegible]

૨૨૦ [illegible]ादिवटी

બનાવટ [illegible]

નાખી ખરલમાં જરા પાણી નાખી બરાબર તેને ઘુંટવું. બરાબર મળી જાય ત્યારે તેમાં બીજું ૪ થી ૫ તોલા પાણી નાખી ઘુંટી દેવું અને તેમાં ઘસેલું શ્વેતચંદન, નાગરમોથ, વાળો, જટામાસી, એલચીના બીજ એ સર્વે ચીજોનું ચૂર્ણ અેકેક તોલો બારીક લાવી તેમાં ઘુંટી તેની ચણીબોર પ્રમાણે ગોળી બનાવી સુકવી બાટલીમાં ભરી રાખવી.

प्रमाण—૨ ગોળી.

अनुपान—ગુલાબનું શરબત અથવા પાણી.

उपयोग—તરસ, દાહ, પિત્તજ્વર, મગજની ગરમી, બેચેની, કોલેરા, ઉલટી, ઝાડા, વગેરે માટે બહુજ ઉત્તમ પ્રયોગ છે.

२२१ राजयोग

घनावट—શુદ્ધ અફીણ, શુદ્ધ વચ્છનાગ, કેશર, ચવક, ચિત્રક, શુદ્ધ કનકબીજ, ભાંગનાબીજ, સરગવાનાબીજ, સફેદકુરૂં, આસગંધ, કૌચબીજ, ઇંદ્રયવ, લવંગ, અકલકરો, અજમોદ, શતાવરી, સફેદમુશળી, પીપર, પીપરીમૂળ, તજ, તમાલપત્ર, એલચી, નાગકેશર, એ દરેક અેકેક તોલો લઇ વાટી ચૂર્ણ કરી તેને મધમાં ઘુંટી ગોળી બનાવી રાખવી. ગોળી ૦। તોલાની કરવી.

प्रमाण—૧ થી ૨ ગોળી.

समय—જમ્યા પછી ખાવી. એટલે કે ગોળી જમ્યા પછી ખાવા માટે મોંમાં રાખી ચુસવી અને મુખવાસમાં જાવંત્રી વધારે વાપરવી.

उपयोग—વિર્યસ્ત્રાવ, ધાતુક્ષીણતા, અલ્પવિર્ય, પ્રમેહ, મંદાગ્નિ. ક્ષય, નમળાઇ, આમવાત, મહાવાયુ, પાંડુરોગ, માથાનુંદરદ, બરલ, વગેરે નબળાઇને લગતા દરેક દરદમાં ઉત્તમ છે. સ્થંભન કરનાર અને શક્તિ આપનાર છે.

સૂચના—આ દવા ખાનારે ખટાશ અને ક્ષારવાળી ચીજ મુદ્દલ ન ખાવી કેમકે તેથી લાભ થતો અટકે છે.

२२२ राजेन्द्रवटी

बनावट—

કસ્તુરી	તો.	૨	બીમસેનીકપુર	તો.	૪
અફીણ	,,	૪	કેશર	,,	८
જાયફળ	,,	८	જાવંત્રી	,,	८
તજ	,,	८	લવંગ	,,	८
એલચી	,,	८	અક્કલકરો	,,	८

रीत—દરેકનું બારીક ચૂર્ણ લઈ નાગરવેલના પાનના રસમાં ઘુંટી મગના દાણા પ્રમાણે ગોળી વાળી સુકવી બાટલીમાં ભરી લેવી.

प्रमाण—૧ થી ૪ ગોળી, દુધ સાથે.

उपयोग—શરદી, ખાંસી, શળેખમ, શ્વાસ, નબળાઈ, [illegible] અશક્ત [illegible], ધાતુશ્રાવ, વિર્યનું પાતળાપણું, સ્વપ્નશ્રાવ, [illegible] [illegible], અંગ્રહણી વગેરે તમામ દરદોમાં તરતજ ફાયદો આપે છે અને [illegible] (ટિનેક્ક) દવા તરીકે કોઈપણ દરદમાં આપી [illegible] [illegible] છે.

सूचना [illegible] દિવસમાં ૧૨ ગોળીથી વધારે લેવી નહિ અને [illegible] એક વખતમાં એક ગોળીથી વધારે ન આપવી [illegible] [illegible] [illegible] મોટી આપી શકાય.

२२३ लवंगादिवटी

बनावट [illegible]

रीत [illegible]

[illegible]

પીપર	તો. ૧	હળદર	તો. ૦।
ગજપીપર	„ ૦॥	કાંકચબીજ	„ ૦॥।
જાયફળ	„ ૧	જાવંત્રી	„ ૧।
હીંગ	„ ૧॥	લસણકળી	„ ૨

ની દવાઓને ખરલમાં બારીક વાટી આદુના મર્દન કરી ચણીબોર જેવડી ગોળી કરી રાખવી.

૨ ગોળી.

ન્ટના અર્ક સાથે.

કલાક.

ઝાડા, ઉલટી, પેટનીચૂંક, અને વિસૂચિકા મટાડે છે.

શકગુટીકા

ઓ, અતિવિષ, મામેજવો, કાંકચનાબીજ, એ દરેક એકેક તોલો લેવાં.

દવાનું બારીક ચૂર્ણ લઈ તેને ખરલમાં નાખી ૨ મેળવી બરાબર ઘુંટીને વટાણા જેવડી ગોળી. કે સુકવી બાટલીમાં ભરી લેવી.

૪ ગોળી દિવસમાં ચાર વખત.

ગ્ કલાકે અથવા જરૂરત

કે ચહા સાથે.

, વિષમજ્વર, –

। ફાયદો આપે છે.

अनुपान—દૂધ અથવા પાણી સાથે.

उपयोग—વાયુનાંદરદો, હીસ્ટીરીયા, અપસ્માર, ઉન્માદ તથા મગજનો વાયુ મટી આરામ થાય છે.

२२९ विरेचनगुटीका

बनावट—એળીઓ તો. ૪, રેવનરસ (કેકુટ અથવા [illegible]) તો. ૨, શેકેલી હીંગ તો. ૧, ટંકણખાર તો. ૦॥.

रीत—પ્રથમ એ ચારે ચીજને બારીક વાટેલી લેવી. તેને ખ[illegible] લમાં બરાબર ઘુંટીને ગરમાળાના ગોળનું સ્વરસ (પાણી) [illegible] તેનાથી ઘુંટવું. ગોળી વાળવા જેવું થતાં એકેક રતિભારની [illegible] બનાવી તેના ઉપર સંખજીરાનો ભૂકો છાંટી શુકી બાટલી ભરી રાખવી.

प्रमाण—૨ થી ૪ ગોળી પાણી સાથે.

समय—રાત્રે સુતી વખતે અથવા જરૂરત પ્રમાણે.

उपयोग—આ ગોળીથી જુલાબ લાગી પેટ સાફ થાય છે. [illegible] ઉદરરોગ, દરસરોગ, વગેરે મટે છે. તેમજ [illegible] જ્યારે [illegible] ત્યારે લેવાથી પેટ સાફ થાય છે. એકજ જુલાબની [illegible] ૧ થી ૨ ગોળી લેવી [illegible] પણ [illegible]

[illegible]

[illegible]

२३० [illegible]

बनावट—[illegible]

૨૨૭ वायुनाशकपौष्टिकगोळी

बनावट—

શુદ્ધ કુચલા	તો. ૪૦	જાયફળ	તો. ૪
જાવંત્રી	,, ૪	લવંગ	,, ૮
અક્કલકરો	,, ૧૬	મરી	,, ૮
કેશર	,, ૪		

रीत—દરેક વસ્તુનું ચૂર્ણ લઈ ખરલમાં ઘુંટી ચાળી તૈયાર કરવું. પછી પાણી તો. ૩૮૦માં લવંગ તો. ૧૦ અને મરી તો. ૧૦ ઉકાળી લગભગ ૮૦ તોલા પાણી બાકી રહે ત્યારે ગાળી લેવું. એ પાણી વડે ઉપરનાં ચૂર્ણને ખરલમાં ઘુંટવું. એવી રીતે ઘુંટતાં સર્વ કાઢો પાઈ દેવો. પછી તેની ચણા જેવડી ગોળીઓ બનાવી, સુકવીને બાટલીમાં ભરી લેવી.

प्रमाण—૨ ગોળી, દિવસમાં બે થી ત્રણ વખત.

समय—સવાર, બપોર તેમજ રાત્રે અથવા જમ્યા પછી.

अनुपान—જમ્યાપછી લેવી હોય તો પાણી સાથે, તેમજ જમવા પહેલાં સવારે કે રાત્રે લેવી હોય તો દૂધ સાથે લેવી જોઈએ.

उपयोग—કબજીઆત, મંદાગ્નિ, જ્ઞાનતંતુઓની નબળાઈ, વાયુ, કળતર, સુસ્તી, વિર્યશ્રાવ, અરૂચી, અજીર્ણ વગેરે મટાડી ભૂખ લગાડી શક્તિ આપે છે. કબજીઆત મટાડી ઝાડો સાફ લાવે છે.

૨૨૮ वायुहरीवजवटी

बनावट—વજ ખુરાસાણી તો. ૨, આંબળાં તો. ૪, સાકર તો. ૮, એ ત્રણે ખાંડી ચૂર્ણ કરી પાણીમાં ઘુંટી ટીકડી બનાવી સુકવી બાટલી ભરી રાખવી. ટીકડી આશરે તો ૦ા ની બનાવવી.

प्रमाण—૧ થી ૨ ટીકડી સવાર સાંજ બે વખત.

२२५ व्योपादिवटी

बनावट—સુંઠ, મરી, પીપર, આમલીનોગર, ચવક, ચિત્ર[illegible] અમલવેતસ. તાલીસપત્ર, છડે એ સર્વ એકેક તોલો લેવાં તથા [illegible] એલચી, તમાલપત્ર, એ ત્રણ ચીજો અરધ અરધ તોલો લેવી. [illegible] વાટીને ચૂર્ણ કરી લેવું.

रीत—ઉપરની દવાઓનું ચૂર્ણ લઈ તેમાં જુનો ગોળ તોલ ૨૦ નાખી ઘુંટી ચણા પ્રમાણે ગોળી બનાવી રાખવી.

प्रमाण—૨ ગોળી, દિવસમાં ચાર ગોળી સુધી લેવાય

अनुपान—[illegible] ગરમ પાણી સાથે ગોળી ઉતારી [illegible]

समय—દિવસમાં ચાર વખત લેવી.

उपयोग—શ્લેષ્મ, ખાંસી, શ્વાસ, અરૂચી, [illegible] વગેરે મટાડે છે. અવાજ બેસી ગયો હોય તો આ [illegible] ગોળીઓ મોંમા રાખીને ચુસવી જોઇએ. શરદી, શ્વાસ, ખાંસી [illegible] ગણી દવા છે.

२२६ वातनाशकवटी

बनावट ગુડ તો. ૨ [illegible] [illegible]
નિમ્બપુષ્પ તો. ૧ [illegible]

[illegible] નાખી ગણા [illegible]

प्रमाण [illegible] अनुपान—[illegible]

समय [illegible]

उपयोग [illegible]

પીપર	તો. ૧	હળદર	તો. ૦|
ગજપીપર	,, ૦।।	કાંકચબીજ	,, ૦।।।
જાયફળ	,, ૧	જાવંત્રી	,, ૧।
હીંગ	,, ૧।।	લસણકળી	,, ૨

रीत—ઉપરની દવાઓને ખરલમાં બારીક વાટી આદુના રસમાં બરાબર ઘુંટી મર્દન કરી ચણીબોર જેવડી ગોળી કરી રાખવી.

प्रमाण—૧ થી ૨ ગોળી.

अनुपान—પીપરમેન્ટના અર્ક સાથે.

समय—દર એકેક કલાકે.

उपयोग—કોલેરા, ઝાડા, ઉલટી, પેટનીચૂંક, અને વિસૂચિકા ના તમામ ઉપદ્રવોને તુરત મટાડે છે.

૨૩૧ विषमज्वरनाशकगुटीका

बनावट—એળીઓ, અતિવિષ, મામેજ્વો, કાંકચનામીંજ, મરી અને શંખભસ્મ એ દરેક એકેક તોલો લેવાં.

रीत—દરેક દવાનું બારીક ચૂર્ણ લઈ તેને ખરલમાં નાખી તેમાં તુલસીપત્રનો રસ મેળવી બરાબર ઘુંટીને વટાણા જેવડી ગોળી-ઓ બનાવવી, તેને તડકે સુકવી બાટલીમાં ભરી લેવી.

प्रमाण—૨ થી ૪ ગોળી દિવસમાં ચાર વખત.

समय—દર ત્રણ ત્રણ કલાકે અથવા જરૂરત પ્રમાણે.

अनुपान—ઠંડુ પાણી કે ચહા સાથે.

उपयोग—જુનોતાવ, વિષમજ્વર, જીર્ણજ્વર, ટાઢીઓતાવ, નવીનજ્વર, વગેરેમાં સારો ફાયદો આપે છે.

समय—સવાર, સાંજ બે વખત.

उपयोग—આઠ પ્રકારના શૂળ, પરિણામ શૂળ, આફરો મંદાગ્નિ [illegible] ચૂંક વગેરે માટે ઉત્તમ છે. પરિણામ શૂળ માટે આ સારો ઉપાય છે [illegible]

सूचना—શૂળરોગવાળાએ મસાલાવાળું કે તળેલું [illegible] ખાવું નહિ જેથી તુરત ફાયદો થશે.

२३६ शूलहरीवटी

बनावट— શેકેલી હીંગ	તો. ૧	શેકેલી કાંકચબીજ	તો. [illegible]
છોલેલું લસણ	તો. ૧	સૂંઠ	તો. [illegible]
યવક્ષાર	તો. ૨	જીરૂં	તો. [illegible]

रीत—બધી ચીજોને ખરલમાં બારીક પીસી જરૂર પૂરતું [illegible] જરા પાણી નાખી ચણા પ્રમાણે ગોળી બનાવી સુકવી રાખવી.

प्रमाण—૨ થી ૪ ગોળી દર એક કલાકે લેવી.

अनुपान—હુંફાળા ગરમ પાણી સાથે

उपयोग—શૂળ, ચૂંક, ગુલ્મ, અપચો, વાયુગોળો, [illegible]

२३७ शं[illegible]पनी नं. १

बनावट [illegible]

रीत [illegible]

ચણા પ્રમાણે ગોળી બનાવી છાંયે સુકવી બાટલીમાં ભરી રાખવી. જો ધન લીધું હોય તો મેળવી સુકવી પછી ગોળી વાળવી.

प्रमाण—૨ થી ૪ ગોળી. **अनुपान**—દૂધ સાથે.

समय—સવાર સાંજ.

उपयोग—નબળાઈ. પાંડુ, રીકાશ, પ્રદર, દાહ, જીર્ણજ્વર, મંદાગ્નિ, ક્ષય, હૃદયની નબળાઈ, મૂત્રરોગ, સોજા, પેશાબમાં ધાતુ જવી વગેરે માટે પૌષ્ટિક તથા ઉપયોગી છે, શોધક છે, નબળા દરદીઓ માટે ખાસ ઉત્તમ છે.

२३८ शंशमनी नं. २

बनावट—ગળોનું ઘન રતલ ૧, ચંદ્રપ્રભા માક્ષિકવાળી રતલ ૧.

रीत—આ બંન્ને ચીજોને સાથે મેળવી લોહખરલમાં બરાબર કુટી લોદો જેવું કરવું. જો ઘન-પ્રભા સુકાયલાં હોય તો પાણીની છાંટ આપીને લોદો કરી લેવો, પછી ઘીવાળા હાથથી ગોળી ચણા પ્રમાણે બનાવી છાંયે સુકવી રાખવી.

प्रमाण—૨ ગોળી. **अनुपान**—દૂધ સાથે.

समय—સવાર સાંજ.

उपयोग—પ્રદર, નબળાઈ, મંદાગ્નિ, રીકાશ, પાંડુ તથા સ્ત્રીઓનાં ખાસ દરદોમાં આ બનાવટ વધુ ઉપયોગી છે. બાકી ગુણો નં. ૧ને મળતાજ છે.

सूचना—ચંદ્રપ્રભા માક્ષિકવાળી એટલે કે આ પુસ્તકમાં ચંદ્રપ્રભા નં. ૧ ની બનાવટ જુદી લખી છે તે પ્રમાણે બનાવતાં તેમાં શિલાજીત મુદલ ન નાખવી તેને બદલે તેટલાજ વજનમાં સુવર્ણમાક્ષિકભસ્મ નાંખી તૈયાર કરેલ ચંદ્રપ્રભાને કેટલાક વૈદ્યો માક્ષિકવાળી પ્રભા કહે છે.

૨૩૯ શંશમની નં. ૩

બનાવટ—સારી લીલી ગળો લાવી તેના નાના ટુકડા [illegible]
ધોઇ કચરી લેવા. પછી ગળો શેર ૫ હોય તો તેમાં પાણી શેર [illegible]
નાખી કડાઇમાં ઉકાળો કરી લેવો. જ્યારે પાંચ શેર પાણી રહે [illegible]
ઉતારી ઠંડુ કરી તેને હાથે ચોળી રસ જેવો પ્રવાહી બને તે [illegible]
ગાળી લઇ લેવો. એ બરાબર ગાળેલ પદાર્થને લોઢાની કડ[illegible]
નાખી મંદ તાપે ઘાટું અવલેહ જેવું–ઘન જેવું કરી ઉતારી [illegible]
લેવું એનું નામ ગળોનું ઘન છે. તેને ગોળી વાળવા જેવું કરી [illegible]
[illegible] ગોળી બનાવી સુકવી લેવી તેનુ નામ શંશમની નં. [illegible]
આ દવાની બનાવટ ગુજરાતના ખાસ કેટલાક વૈદ્યોમાં ચાલુ છે.

પ્રમાણ—[illegible] થી ૮ ગોળી **અનુપાન**—પાણી [illegible]

ઉપયોગ—[illegible] અપચો, મંદાગ્નિ, [illegible]
[illegible] વગેરે માટે છે, [illegible]

૨૪૦ શંશમની (સ્પેશીયલ)

બનાવટ—[illegible] ઘન [illegible] અભ્રકભસ્મ [illegible]
[illegible]
[illegible]

અનુપાન—[illegible]

૨૪૧ स्त्रीगदांतकवटी

बनावट—	એળીઓ	તો. ૪	હીરાબોળ	તો. ૪
	હીરાકસી શુદ્ધ	,, ૨	ટંકણખાર	,, ૩
	તજ	,, ૪	શુંઠ	,, ૨
	ક્વીનાઈન	,, ૨		

रीत—સર્વ દવાઓનું બારીક ચૂર્ણ લઈ પ્રથમ ખરલમાં ઘુંટી તેમાં થોડુંક જોઈતા પ્રમાણમાં ગ્લીસરાઈન મેળવી ચણા જેવડી ગોળી વાળી તેને સુકવવા માટે તેનાપર મેગનેસીઆકાર્બનો ભૂકો છાંટી બાટલી ભરી રાખવી.

प्रमाण—૨ ગોળી.

समय—સવાર, બપોર, સાંજ અથવા જરૂર જણાય ત્યારે.

अनुपान—પાણી કે થીજેલા ઘૃત સાથે.

उपयोग—કષ્ટાર્તવ, નષ્ટાર્તવ, ઋતુ વખતે થતું શૂળ, ઋતુ-દોષ કે તેથી થતાં દરદો મટાડી ઋતુ સાફ લાવે છે.

૨૪૨ समीरगजकेसरीवटी

बनावट—અશુદ્ધ ઝેરકોચલાંનો ભૂકો તો. ૧, અફીણ તો. ૧, કાળાંમરી તો. ૧.

रीत—નાગરવેલનાં પાનના રસમાં ત્રણેને ઘુંટી મગનીદાળ જેવડી ગોળી વાળવી.

प्रमाण—૧ થી ૨ ગોળી. अनुपान—પાણી સાથે.

उपयोग—ઝાડા તથા ઉલટી સાથેનો પેટનો દુખાવો, શૂળ વગેરે તરત મટે છે. વાયુને મટાડે છે.

२३९ शंशमनी नं. ३

बनावट—સારી લીલી ગળો લાવી તેના નાના ટુકડા કરી થોડા કચરી લેવા. પછી ગળો શેર ૫ હોય તો તેમાં પાણી શેર ૨૦ નાખી કડાઈમાં ઉકાળો કરી લેવો. જ્યારે પાંચ શેર પાણી રહે ત્યારે ઉતારી ઠંડું કરી તેને હાથે ચોળી રસ જેટલો પ્રવાહી મળે તે કપડે ગાળી લઈ લેવો. એ બરાબર ગાળેલ પદાર્થને લોઢાની કડાઈમાં નાખી મંદ તાપે ઘાટું અવલેહ જેવું-ઘન જેવું કરી ઉતારી સુકાઈ લેવું એનું નામ ગળોનું ઘન છે. તેને ગોળી વાળવા જેવું કરી [illegible] આની ગોળી બનાવી સુકવી લેવી તેનું નામ સંશમની નં. ૩ છે. આ દવાની બનાવટ ગુજરાતના ખાસ કેટલાક વૈદ્યોમાં ચાલુ છે.

प्रमाण—૪ થી ૮ ગોળી. **अनुपान**—પાણી સાથે

उपयोग—[illegible], જીર્ણજ્વર, અપચો, મંદાગ્નિ, પ્રદર, [illegible] દાહ, મેદ, સન્નિપાતજ્વર, આગન્તુજ્વર, ઝાડા વગેરે મટે છે, પીટિકા [illegible]

२४० शंशमनी (स्पेशीयल)

बनावट ગળોનું ઘન તો. ૧૦ અભ્રકભસ્મ [illegible]
પ્રવાલભસ્મ તો. ૦॥ [illegible]ભસ્મ [illegible]
[illegible]ભસ્મ તો. ૦॥

विधि [illegible]

प्रमाण—[illegible] **अनुपान** [illegible]

गुण [illegible]

उपयोग [illegible]

समय—જમ્યા પહેલાં કેવળ અરધો કલાક આગળ કે પાછળ અથવા દિવસમાં ત્રણ વખત.

उपयोग—વાયુ, મોળ, અરૂચી, મંદાગ્નિ, કબજીઆત, ભૂખ ન લાગવી, ખાટા ઓડકાર આવવા, અમ્લપિત્ત વગેરે પાચનક્રિયાને માટે સારી અને સ્વાદિષ્ટ દવા છે.

२४५ सारीवादिवटी

घनावट—	અનંતમૂળ	તો.	૧	જેઠીમધ	તો.	૧
	કુષ્ટ	,,	૧	તજ	,,	૧
	તમાલપત્ર	,,	૧	એલચી	,,	૧
	નાગકેશર	,,	૧	ઘહુંલા	,,	૧
	કમળપુષ્પ	,,	૧	ગળોસત્વ	,,	૧
	લવંગ	,,	૧	ત્રિફળા	,,	૩
	અભ્રકભસ્મ	,,	૧૪	લોહભસ્મ	,,	૧૪

रीत—ભસ્મો સિવાયની બીજી ચીજોનું બારીક ચૂર્ણ લઈ વાટી તેમાં ભસ્મો મેળવી તેને ખરલમાં ઘુંટી તેને ભાંગરાના રસની, શતાવરીની, અર્જુનછાલના ક્વાથની, જવના ક્વાથની તથા ત્રિફલાના ક્વાથની એમ દરેકની એક એક ભાવના આપી ઘુંટી ચણા જેવડી ગોળી બનાવી સુકવી લેવી.

प्रमाण—એકેક ગોળી સવાર સાંજ બે વખત.

अनुपान—તાજા દૂધ સાથે.

उपयोग—કર્ણશ્રાવ, કર્ણનાદ, બહેરાપણું, કાનનાં જુનાં દરદો માટે આ દવા ખાવાથી સારો ફાયદો કરે છે.



૨૪૩ सरलवटी

બનાવટ—શૅકેલીટીંગ તો. ૧, હાગાંમરી તો. ૧, કપુર તે
વાળી પાણીમાં ઘુંટી આસરે ચણા પ્રમાણે ગોળી કરી સુકી રા

પ્રમાણ—૨ થી ૪ ગોળી.

સમય—તાવ આવ્યા પહેલાં બે કલાક.

ઉપયોગ—મલેરીઆ તાવ અટકાવે છે, અને પેટનો ફ
મટાડે છે.

૨૪૪ स्वादिष्टपाचनवटी

બનાવટ—	લીંબુનોસાર (સાઈટ્રીક એસીડ)			તે
	સૂંઠ	તો. ૪	મરી	
	પીપર	,, ૪	મિંધાખુણ	
	શુદ્ધદીંમ	,, ૪	કાળી દ્રાખ	

રીત—દરેક વસ્તુનું જુદું જુદું ચૂર્ણ લઈ ખરલમાં [illegible]

પ્રમાણ—[illegible]

ઉપયોગ—[illegible]

સમય—જમ્યા પહેલાં કેવળ અરધો કલાક આગળ કે પાછળ અથવા દિવસમાં ત્રણ વખત.

ઉપયોગ—વાયુ, મોળ, અરૂચી, મંદાગ્નિ, કબજીઆત, ભૂખ ન લાગવી, ખાટા ઓડકાર આવવા, અમ્લપિત્ત વગેરે પાચનક્રિયાને માટે સારી અને સ્વાદિષ્ટ દવા છે.

૨૪૫ सारीवादिवटी

बनावट—

અનંતમૂળ	તો.	૧	જેઠીમધ	તો.	૧
કુષ્ટ	,,	૧	તજ	,,	૧
તમાલપત્ર	,,	૧	એલચી	,,	૧
નાગકેશર	,,	૧	ઘહુંલા	,,	૧
કમળપુષ્પ	,,	૧	ગળોસત્વ	,,	૧
લવંગ	,,	૧	ત્રિફળા	,,	૩
અભ્રકભસ્મ	,,	૧૪	લોહભસ્મ	,,	૧૪

रीत—ભસ્મો સિવાયની બીજી ચીજોનું બારીક ચૂર્ણ લઈ વાટી તેમાં ભસ્મો મેળવી તેને ખરલમાં ઘુંટી તેને ભાંગરાના રસની, શતાવરીની, અર્જુનછાલના ક્વાથની, જવના ક્વાથની તથા ત્રિફલાના ક્વાથની એમ દરેકની એક એક ભાવના આપી ઘુંટી ચણા જેવડી ગોળી બનાવી સુકવી લેવી.

प्रमाण—એક ગોળી સવાર સાંજ બે વખત.

अनुपान—તાજા દૂધ સાથે.

उपयोग—કર્ણસ્રાવ, કર્ણનાદ, બહેરાપણું, કાનનાં જુનાં દરદો માટે આ દવા ખાવાથી સારો ફાયદો કરે છે.

२४६ सिंहवाहिनीवटी

બનાવટ—કેશર તો. ૦।, જાવંત્રી તો. ૦।, પશાદભસ્મ તો. ૦।, માયાફળ તો. ૦।, રૂમીમસ્તકી, તો. ૦।, શુદ્ધ મેરોગચ્છાં તો ૦।, શુદ્ધ હિંગળો તો. ૧, કસ્તુરી વાલ ૪ (બેઆનીભાર), અંબર વાલ ૨, લવંગ તો. ૦।, જાયફળ તો. ૦।, અજમોદ તો. ૦।, સમુદ્રશોષનાંબીજ તો. ૦।, પુષ્કરમૂળ તો. ૦।, અફીણ તો. ૦।, શુદ્ધ વચ્છનાગ તો. ૦।, ભીમસેનીકપુર તો. ૦।.

રીત—બધી ચીજને સાફ કરી બારીક વાટી તેને [illegible] નાખી ઘુંટી મધમાં મેળવી ચણોઠીના પ્રમાણે ગોળી બનાવી લેવી.

પ્રમાણ—૧ થી ૨ ગોળી.

અનુપાન—કેશરવાળું કરેલું દૂધ [illegible] મુજબ લેવું [illegible] પાન ખાવું

સમય—સાંજના ૭ વાગે લેવી.

ઉપયોગ—[illegible] થાય. આ [illegible] અત્યંત [illegible] સ્ત્રીના મનને [illegible] છે અને સ્ત્રીને પ્રથમ [illegible] કરે છે

સૂચના [illegible]

२४७ मुग्गवटी नं. १

બનાવટ [illegible]

[illegible]

उपयोग—૭ પ્રકારનો હરસરોગ મટાડવા તથા તેમાં થતી પીડા ઓછી કરવા આ દવા વપરાય છે.

૨૪૮ सुरणवटी नं. २

बनावट—સુરણનો સુકવી કરેલો ભૂકો તો. ૧૬, વરધારો તો. ૧૬, સફેદમુશળી તો. ૮, ચિત્રકછાલ તો. ૮, હરડા, બહેડા, આંમળા, વાવડીંગ, શુંઠ, પીપર, ભીલામ, પીપરીમૂળ, તાલીસપત્ર એ દરેક ચાર ચાર તોલા. તજ, એલચી, મરી એ બબ્બે તોલા, એ દરેકનું ચૂર્ણ તથા તેના સમભાગે જુનોગોળ નાખી ગોળી બનાવી રાખવી.

प्रमाण—૦। થી ૦।। તોલો, દિવસમાં બે વખત.

उपयोग—મંદાગ્નિ, અર્શ, સંગ્રહણી, શ્વાસ, ખાંસી, ક્ષય, બરલ, હાથીપગું, સોજા, હેડકી, પ્રમેહ, ભગંદર, નબળાઈ વગેરે મટે છે. ખાસ કરી હરસના દરદીઓ માટે આ દવા ઉત્તમ ગણાય છે.

૨૪૯ सूर्यप्रभावटी

बनावट—ભારંગી, શુદ્ધભિલામ, અરણી, અભ્રકભસ્મ, કેળનો કંદ, કાળીપાટ, વજ, ગોરોચન, ચવક, તમાલપત્ર, ચિત્રક, શુંઠ, મરી, પીપર, જવખાર, સાજીખાર, શુદ્ધ ગંધક, શુદ્ધ પારદ, ત્રાયમાણ, નિર્ગુન્ડી, શુદ્ધ કાળો વછનાગ, શુદ્ધ લાલ વછનાગ, લવંગ, લીંડીપીપર. કુંદ, તાડનાંફળ, હરડે, બહેડાં, આમળાં, બ્રાહ્મી, લતાકસ્તુરી, ગળો, ખીચીનોગર્ભ, પાંચે પ્રકારનાં લવણ, જુઈનાંફુલ, ચમેલીનાંફુલ, મોગરાનાંફુલ, બોલસરીનાંફુલ, માધવીલતાનાંફુલ, બપોરીઆનાંફુલ, એ બધાને સમભાગે લઈ ખાંડી બારીક ચૂર્ણ કરી લેવું અને પારદ, ગંધકની કજ્જલી બનાવી તેમાં દવા મેળવી તેને એરંડતેલમાં ઘુંટી ચણીબોર જેવડી ગોળી બનાવી રાખવી.

प्रमाण—૨ ગોળી દિવસમાં બે વખત પાણી સાથે.

उपयोग—તમામ પ્રકારના ઉદરરોગને મટાડી અગ્નિદીપન કરે છે. પેટનાં જુનાં દરદોમાં બહુજ વખણાય છે.

२५० संजीवनीगुटीका

बनावट—વાવડીંગ, શુંઠ, પીપર, હરડે, બહેડાં, આમળાં, વજ, ગળો, શુદ્ધ ભીલામા, શુદ્ધ વછનાગ, એ સર્વે સમભાગે ચૂર્ણ રૂપમાં લઈ લેવાં.

रीत—ઉપરનાં ચૂર્ણને ખરલમાં નાખી ગૌમૂત્રમાં ઘુંટી ચણા જેવડી ગોળી બનાવી સુકવી બાટલી ભરી રાખવી.

प्रमाण—૧ થી ૩ ગોળી, દિવસમાં ત્રણ વખત અથવા જરૂર પ્રમાણે.

अनुपान—આદુનો રસ અથવા ગરમ પાણી.

उपयोग—અજીર્ણ, ઉલટી, [illegible] વિષ, મરડા, સન્નિપાત વગેરેમાં વપરાય છે.

२५१ हिंग्वीगिआनाशकवटी

बनावट—[illegible] તો. ૧ [illegible]
[illegible]

रीत—[illegible]
[illegible]

प्रमाण—[illegible]

अनुपान—[illegible]
[illegible]
[illegible]

उपयोग—આથી હિસ્ટીરીઆનો રોગ મટે છે, મગજને શાંત રાખે છે. ખાસ કરી સ્ત્રીઓ માટે આ દવા વધુ ઉપયોગી છે.

૨૫૨ हिंगुकर्पुरवटी.

बनावट—કપુર તો. ૧, હિંગ કાચી તો. ૧ અને જોઈતા પ્રમાણમાં પાણી લઈ ખરલમાં ઘુંટી ગોળી બનાવી સુકવી બાટલી ભરી રાખવી. ગોળી વટાણા જેવડી કરવી.

प्रमाण—૧ થી ૨ ગોળી દિવસમાં ત્રણ વખત.

अनुपान—પાણી અથવા આદુનો રસ.

उपयोग—ખાંસી, ત્રિદોષજ્વર, ઈન્ફ્લ્યુએન્ઝા અને હૃદયરોગ તથા ન્યુમોનીઆ માટે સારો ઉપાય છે. આ દવા ફેફસાં અને હૃદય ઉપર સારી અસર કરે છે અને દરદીને રાહત મળે છે.

सूचना—ત્રિદોષનું બહુજ જોર હોય તેવા ન્યુમોનીઆમાં કસ્તુરી અને આદુનારસ સાથે આપવાથી સારો ફાયદો થાય છે.

૨૫૩ हिंगुलवटी

बनावट—

શુદ્ધ હિંગળો	તો.	૩	મરી	તો.	૨
પીપર	,,	૨	અજમો	,,	૨
જાયફળ	,,	૨	અક્કલકરો	,,	૨
તજ	,,	૨	કેશર	,,	૦॥
શુદ્ધ વચ્છનાગ	,,	૦॥			

रीत—બારીક વાટેલી ચીજોને ખરલમાં નાખી નાગરવેલનાં પાનના રસમાં ઘુંટી મગ જેવડી ગોળી બનાવી લેવી.

प्रमाण—૧ થી ૨ ગોળી, સવાર સાંજ બે વખત.

अनुपान—દૂધ સાથે લેવી.

उपयोग—વાતરોગ, કુષ્ટરોગ, શૂળ, ઊરુસ્થંભ, વાતરક્ત, [illegible] રોગ, શ્વાસરોગ, ખાંસી, ક્ષય, પ્રમેહ વગેરે મટાડી શક્તિ લાવે છે.

२५४ श्वासकासारीवटी

बनावट— ઉત્તમ પીપર તો. ૨॥ સોહેમરી તો. ૨[illegible]
શુદ્ધ વચ્છનાગ „ ૨॥ લવંગ „ [illegible]
જાયફળ „ ૦॥ એલચી „ [illegible]
કાગીડાઇ (બીજ વગરની) „ [illegible]
કાગીતમાકુના ડાંખળાને બાળીને કરેલી રાખ „ ૧

रीत—પ્રથમની ત્રણ દવાઓ ખૂંદી તેમાં કાગીડાઇ મેળ[illegible] પછી તેમાં બાકીની દવાઓ મેળવી ખૂંદી સર્વ તેની ચણા [illegible] જેવડી ગોળી બનાવી રાખવી.

प्रमाण—૧ થી ૨ ગોળી

अनुपान—[illegible] સાથે

समय—[illegible]

उपयोग—[illegible] વગેરે આ ગોળી [illegible] [illegible] મટી જાય છે

२५५ [illegible]वटी

बनावट [illegible]

[illegible]

रीत [illegible]

[illegible]

प्रमाण—૧ થી ૨ ગોળી, દિવસમાં ત્રણ વખત લેવી.

अनुपान—પાન સાથે ગોળી મોંમાં રાખીને ચુસવી.

उपयोग—શ્વાસરોગ, ખાંસી, કફની જમાવટ, વગેરે મટાડે અને દમરોગમાં ફાયદો બતાવે, કફ છુટો કરે, ઉંઘ લાવી આરામ આપે.

सूचना—આ દવા સારી બનાવટની છે પણ સંભાળથી વાપરવી કારણ કે તેમાં ઝેરી વસ્તુઓ આવે છે માટે ધ્યાનથી વાપરવી જોઇએ.

प्रकरण ७ मुं — गुगळ

२५६ अमृतागुगळ

बनावट—ગળો તો. ૬૪, ત્રિફળા તો. ૬૪, પાણી તો. ૧૦૦ ક્વાથ કરવો. જ્યારે પાણી તો. ૨૫૦ રહે ત્યારે ઉતારી ગાળી લેવું. પછી તેમાં શુદ્ધ ગુગળ તો. ૩૨ નાખી જાડો પાક કરવો ને તેમાં શુદ્ધ નેપાળો તો. ૨, નસોતર તો. ૨, ત્રિકટુચૂર્ણ તો. ૬, વાવડીંગ ચૂર્ણ તો. ૨, તજ તો. ૨, ત્રિફલા તો. ૬નું ચૂર્ણ મેળવી ગોળી વળવા જેવું બનાવી ગોળી બનાવી સુકવી લેવી.

प्रमाण—ચણા જેવડી ૨ થી ૪ ગોળી.

अनुपान—પાણી અથવા મહામંજીષ્ઠાદિ ક્વાથ.

समय—સવાર, સાંજ બે વખત.

उपयोग—વાતરક્ત, કુષ્ટ, અર્શ, વ્રણ, પ્રમેહ, આમવાત, નાડીવ્રણ, સોજા, ઉરુસ્થંભ વગેરે રોગ મટાડે છે.

૨૫૭ किशोरगुगळ

બનાવટ—હરડે, બહેડાં, આંમળા અને ગળો એ દરેક ચીજ ૬૪ ચોસઠ તોલા જુદી જુદી લઈ ખાંડી તેના ભાગ બકાને પાણી તોલા ૧૫૦૦માં ઉકાળવું. ૫૦૦ તોલા પાણી રહે ત્યારે ઉતારી કપડે ગાળીને ક્વાથને ફરી ચુલે ચઢાવી તેમાં શુદ્ધ ગુગળ તો. ૬૪ નાખી પાક [illegible] કરવો. પછી તેમાં હરડા, બહેડા, આંમળા એ દરેકનું ચૂર્ણ તોલા બબ્બે, ગળોનું ચૂર્ણ તો. ૪, સુંઠ, મરી, પીપર અને વાવડીંગ એ દરેક બબ્બે તોલા, દંતીમૂળ તો. ૧, નસોતર તો. ૧ એ સર્વનું બારીક ચૂર્ણ કરી મેળવી આપવું, ને ગોળી વાળવા જેવું થતાં ચણા જેવડી ગોળી બનાવી મુકી રાખવી.

પ્રમાણ—૨ થી ૪ ગોળી.

અનુપાન—ગરમ દૂધ [illegible] અથવા પાણી સાથે.

સમય—સવાર, સાંજ બે વખત.

ઉપયોગ—[illegible]

૨૫૮ कांचनारगुगळ

બનાવટ—[illegible]

પ્રમાણ—૨ થી ૪ ગોળી, સવાર સાંજ બે વખત.

અનુપાન—પાણી અથવા કાંચનારનો કવાથ અથવા મહા-મંજીષ્ઠાદિ કવાથ સાથે લેવો.

ઉપયોગ—કંઠમાળ, અપચી, અર્બુદ, ગ્રન્થી, વ્રણરોગ, ગુલ્મ, કુષ્ટરોગ, ભગંદર, રક્તવિકાર, વગેરે દરદોમાં આ દવા લાંબો વખત દેવાથી બહુજ સારૂં પરિણામ લાવે છે.

૨૫૯ गोक्षुरादिगुगळ

બનાવટ—ગોખરૂનું પંચાંગ તો. ૧૧૨ ને અધકચર્યું કરી તેમાં પાણી તો. ૧૦૦૦ નાખી કવાથ કરી અર્ધું રહે ત્યારે ઉતારી ગાળી નીચોવી લેવું. તે કવાથને ફરી ચુલે ચડાવી તેમાં શુદ્ધ ગુગળ તો. ૨૮ મેળવી પાક કરવો, એ પાકમાં શુંઠ, મરી પીપર, હરડેછાલ, બહેડાંછાલ, આમળાં અને મોથ આ સાત દવાઓ દરેક ચાર ચાર તોલા લઇ તેનું ચૂર્ણ કરી નાખવું, અને ગોળી વાળવા જેવું થતાં ઉતારી ઠંડુ કરી ગોળીઓ બનાવી લેવી. સુકવીને બાટલીમાં ભરી રાખવી.

પ્રમાણ—૨ થી ૪ ગોળી દરેક વખતે-દિવસમાં બેથી ત્રણ વખત લેવી.

અનુપાન—સ્વચ્છ પાણી અથવા દૂધ સાથે.

ઉપયોગ—પ્રમેહ, મૂત્રકૃચ્છ, પ્રદર, મૂત્રાઘાત, પથરી, શુક્રદોષ, વિર્યસ્ત્રાવ, વાતરક્ત, લોહીબિગાડ વગેરેમાં સારો ફાયદો આપે છે.

૨૬૦ त्रयोदशांगगुगळ

બનાવટ—બાવળનીછાલ, આસગંધ, લઇનાંપાન, ગળો, સતાવરી, ગોખરૂ, રાસ્ના, નસોતર, સુવા, કચુરો, ખોરાસાનીઅજમો, શુંઠ, એ દરેક ચીજ બબ્બે તોલા લઇ તેનું ચૂર્ણ કરી લેવું. પછી

તેમાં શુદ્ધ ગુગળ તો. ૨૪ લઈ તેનો પાક કરી પછી ચૂર્ણ મેળવી ઘીવાળા હાથથી ગોળી વાળી લેવી.

प्रमाण—૨ થી ૪ ગોળી.

समय—સવાર, સાંજ બે વખત.

अनुपान—મધ, દુધ કે ગરમ પાણી સાથે.

उपयोग—તમામ પ્રકારના વાતરોગ મટે છે.

२६१ पथ्यादिगुगळ

बनावट—હરડેછાલ તો. ૧૦૦, બહેડાછાલ તો. ૧૦, આંબળાં તો. ૧૦. પાણી તો. ૨૦૦૦માં નાખી ઉકાળી જ્યારે ૮૦૦ તોલા રહે ત્યારે ઉતારી ગાળી લેવું. પછી તેને ફરી ચુલે ચડાવી પાકું [illegible] [illegible] ગુડમુલ્ય તો. ૧૪, [illegible] તો. ૨, દંતીમૂળ તો. [illegible] [illegible] તો. ૧ [illegible] તો. ૨, નસોતર તો. ૨, [illegible] તો. ૧૬ [illegible] [illegible] જાડી ગોળી વાળી લેવી

प्रमाण—[illegible] ગોળી. समय—સવાર, સાંજ

अनुपान—[illegible]

उपयोग—[illegible]

२६२ महायोगराजगुगळ

અભ્રકભસ્મ	તો. ૪	નાગભસ્મ	તો. ૪
લોહભસ્મ	,, ૪	બંગભસ્મ	,, ૪
રૌપ્યભસ્મ	,, ૪	રસસિંદુર	,, ૪
મંડુરભસ્મ	,, ૪		

આ પ્રમાણે સાત ચીજો બારીક વાટી મેળવી ગુગળમાં મર્દન કરી ચણા જેવડી ગોળી બનાવી રાખવી.

प्रमाण—૨ થી ૪ ગોળી.

अनुपान—ઘીમાં ચાટવી (ભૂકો કરીને) કે પાણી સાથે.

समय—સવાર, સાંજ બે વખત.

उपयोग—યોગરાજ પ્રમાણેજ છે પરંતુ આ વધારે પૌષ્ટિક તથા તુરત રોગને મટાડનાર અને પરમ ઉપયોગી રસાયન છે.

२६३ योगराजगुगळ

बनावट—શુંઠ, પીપર, પીપરીમૂળ, ચિત્રક, ચવક, શેકેલી હીંગ, અજમોદ, પીળા સરસવ, જીરૂં, શાહજીરૂં, નગોડનાંબીજ, ઇંદ્રયવ કાળીપાટ, વાવડીંગ, ગજપીપર, કડુ, અતિવિષ, વજ, ભારંગમૂળ, મોરવેલ, એ દરેક ચીજ એક એક તોલો મળી વીશ તોલા, ત્રિફલાચૂર્ણ તો. ૪૦, શુદ્ધ ગુગળ તો. ૬૦ લેવું.

रीत—પ્રથમ ગુગળને ત્રિફલાના કવાથમાં શુદ્ધ કરી રસ–સીરા જેવું થાય ત્યારે તેમાં ઉપર બતાવેલ ૨૦ ચીજોનું તથા ત્રિફલાનું ચૈર્ણ નાખી ઘાટું બનાવી સુકવી ગોળી કરી લેવી કે ઘુંટી બારીક ખાંડીને રાખી લેવું.

प्रमाण—૬ થી ૧૨ રતિભાર અથવા ૨ થી ૪ ગોળી.

अनुपान—પાણી અથવા રોગાનુસાર.

समय—सवार, सांज બે વખત.

उपयोग—સર્વ પ્રકારનાં વાતરોગ, મંદાગ્નિ, અર્શ, ભ... પ્રમેહ, પ્રદર, કુષ્ટ, વાતરક્ત, પાંડુ, વીર્યદોષ, રક્તદોષ, ભગંદર, ... રોગ, શ્વાસ, ખાંસી, નબળાઈ વગેરે મટાડી શરીર નીરોગી બનાવે ...

२६४ सप्तांगगुगळ

बनावट—સૂંઠ, મરી, પીપર, હરડે, બહેડાં, આમળાં, ... એ નંગ સમભાગે લઈ તેનું ચૂર્ણ તો. ૨૦ તેમાં શુદ્ધ ગુગળ ... ૨૦ મેળવી પાક જેવું કરી ગોળી ચણાપુરની બનાવી રાખવી.

प्रमाण—૨ થી ૪ ગોળી, સવાર સાંજ બે વખત.

अनुपान—મંજીષ્ઠાદિક્વાથ સાથે અથવા પાણી સાથે.

उपयोग—નાડીવ્રણ, ભગંદર, ગુલ્મ, વ્રણ, રક્તરોગ વગેરે ... ને અને શરીરને સુધારે છે

२६५ सिंहनादगुगळ

बनावट [illegible]

[illegible]

प्रकरण ८ मुं — क्वाथ

२६६ अर्कादिक्वाथ

बनावट—

આકડાનાંમૂળની છાલ	તો. ૨	જીરૂં	તો. ૧
કાકડાશીંગ	,, ૧	ભોરીંગણી	,, ૧
કાયફલછાલ	,, ૧	ભારંગી	,, ૧
શુંઠ	,, ૧	પુષ્કરમૂળ	,, ૧
મરી	,, ૧	પીપર	,, ૧

रीत—ઉપરની ચીજોનો ક્વાથ લાયક જાડો ભૂકો કરી તેમાંથી બે તોલા લઈ પાણી તો. ૪૦ માં ક્વાથ કરી બાકી જ્યારે ૫ તોલા રહે ત્યારે ઉતારી લઈ કપડે ગાળી લેવું.

प्रमाण—અઢી અઢી તોલા સવાર સાંજ બે વખત લેવું.

उपयोग—શીતાંગ, કફ, ત્રિદોષજ્વર, શ્વાસ, ખાંસી, ન્યુમોનીઆ, વગેરેમાં આમ, કફ પચાવી શ્વાસનળીને સુધારે છે.

२६७ अभयादिक्वाथ

बनावट—હરડેછાલ, નાગરમોથ, ધાણા, રતાંજલી, પદમક, અરડુસીનાંપાન, ઇંદ્રયવ, વાળો, ગળો, ગરમાળાનોગોળ, કાળીપાટ, શુંઠ, કડુ એ સર્વે સમભાગે લઈ જાડું કુટી રાખવું. જરૂર જણાનાં ક્વાથની રીતે તૈયાર કરી ઉપયોગમાં લેવો.

प्रमाण—પ્રવાહી ક્વાથ ૨॥ તોલા (ભૂકો ૨ તોલા) દિવસમાં બેથી ત્રણ વખત.

अनुपान—પીપરનું ચૂર્ણ ક્વાથમાં નાખીને પીવો.

२६९ चोपचिनीआदिक्वाथ

बनावट—

ચોપચીની	તો. ૨૦	આમળાં	તો. ૨૦
ઉશબો	„ ૨૦	શુંઠ	„ ૨૦
મીઠો સુરંજાન	„ ૨૦	હરડેછાલ	„ ૩૦
આસગંધ	„ ૨૦	કરીઆતું	„ ૨૦
ગોરખમુંડી	„ ૨૦	રાસ્ના	„ ૨૦

रीत—ઉપરની દવાઓને જાડી કચરી ક્વાથ જેવો ભૂકો કરી લેવો.

प्रमाण—૧। તોલો ભૂકો અથવા ૨।। તોલા પ્રવાહી ક્વાથ.

अनुपान—ગુગળની કોઈપણ બનાવટ સાથે આ ક્વાથ પીવો.

उपयोग—ધાતુક્ષય, ખાંસી, નબળાઇ, નપુંસકતા અને વંધ્યત્વ પર આ દવા વપરાય છે. પૌષ્ટિક છે.

૪૦૫ मृतसंजीवनासुरा

बनावट—પાણી શેર ૬૫માં ગોળ શેર ૫ નાખી મેળવી રાખવું તેમાં આદુ તો. ૮, બાવળનીછાલ તો. ૬૪, બોરડીનીછાલ તો. ૬૪, સોપારી તો. ૩૪, લોધ્ર તો. ૧૬ મેળવી એક વાસણમાં ભરી બંધ કરી વીશ દિવસ રાખી મુકવું. ત્યારબાદ તેને ખોલી સુરે ચડાવી તેને તેમ કરવું. અને તેમાં સોપારી, એળીઓ, દેવદાર, લવંગ, પદ્મક, ...ગો, રક્તચંદન, વરિઆળી, અજમોદ, મરી, જીરૂં, કચુરો, જટામાસી, ...જ, એલચી, જાયફળ, મોથ, શુંઠ, મેથી, મરડાશીંગ, ચંદન, મન્ત્રી-...ની એ દરેક ચીજ બે બે તોલા લઈ ભુકી મેળવી આપવી. પછી

સૂચના—પ્રથમ [illegible] તરનમાં મારો [illegible] થાય છે.

૪૦૧ रोहिनारिष्ट

બનાવટ—[illegible] અંતરછાલ, તે. ૨૦૦ [illegible] તે. ૨૦૦૦ [illegible] તે. ૪૦૦ [illegible] [illegible]

समय—સવાર સાંજ બે વખત જમ્યા પછી.

उपयोग—અરૂચી, પાંડુરોગ, સંગ્રહણી, હૃદયરોગ, બરલ, ગુલ્મ-રોગ, ઉદરરોગ, કુષ્ટ, સોજા, ક્ષય, કમળો, કૃમી, ચિત્રી, ગાંડ, અર્બુદ-રોગ, ખીલ મોઢાના, રાજ્યક્ષ્મા, જ્વર વગેરે મટે છે.

४११ लोध्रासव

बनावट—

લોદર	તો.	૨૦	લાંગુલી	તો.	૧
કચુરો	,,	૧	કરિઆતું	,,	૧
પુષ્કરમૂળ	,,	૧	કડુ	,,	૧
એલચી	,,	૧	ભારંગી	,,	૧
મોરવેલ	,,	૧	તગરગંડોડા	,,	૧
વાવડીંગ	,,	૧	ચિત્રક	,,	૧
હરડા	,,	૧	પીપરીમૂળ	,,	૧
બહેડા	,,	૧	કુષ્ટ	,,	૧
આમળા	,,	૧	અતિવિષ	,,	૧
અજમોદ	,,	૧	કાગીપાટ	,,	૧
ચવક	,,	૧	ઈંદ્રિયવ	,,	૧
ધહુંલા	,,	૧	નાગકેશર	,,	૧
સોપારી	,,	૧	વરિઆળી	,,	૧
નખલા	,,	૧	તમાલપત્ર	,,	૧
મરી	,,	૧	ચંદન	,,	૧
પાણી	,,	૪૦૦	મધ	,,	૨૦૦

સર્વે મેળવી બરણીમાં ભરી બે માસ રાખી પછી ગાળી લઈ વાપરવું.

प्रमाण—૧ા થી ૨ા તોલા. अनुपान—પાણી સાથે.

समय—સવાર, સાંજ બે વખત.

प्रमाण—૧॥ થી ૨॥ તોલા, દિવસમાં બે વખત.

अनुपान—સમભાગે પાણી મેળવીને પીવું.

उपयोग—ઉધરસ, ક્ષય, ઉરઃક્ષત, જીર્ણજ્વર, સોજા વગેરેમાં સારો ફાયદો આપે છે. ખાંસી, શ્વાસ માટે સારો ઉપાય છે.

૪૧૪ विपमुष्टयासव

बनावट—

શુદ્ધઝેરકુચલા	તો.	૨	કરિઆતું	તો.	૧
ગળો	,,	૧	નાગરમોથ	,,	૧
દ્રાક્ષ	,,	૪	ગોળ	,,	૩૦
પાણી	શેર	૨			

रीत—બધી ચીજોને આસવની રીતે એક બરણી (કાચની) માં ભરી બંધ કરી એક-બે માસ રાખી પછી ગાળી લઇ વાપરવું જોઇએ.

प्रमाण—૫ થી ૧૫ ટીપાં.

उपयोग—હૃદયને બળ આપનાર, નબળાઇ મટાડનાર, ભૂખ લગાડનાર તથા શળેખમ શરદી, તાવ, સુસ્તી વગેરે મટાડી હુશીઆરી લાવે છે.

૪૧૫ विडंगासव

बनावट—

વાવડીંગ	તો.	૨૦	કડાછાલ	તો.	૨૦
પીપરીમૂળ	,,	૨૦	ઈંદ્રિયવ	,,	૨૦
કાળીપાટ	,,	૨૦	રાસ્ના	,,	૨૦
આમળા	,,	૨૦	ભારંગી	,,	૨૦
ધર્દુલા	,,	૨૦			

એ દરેક ચીજને પાણી તો. ૪૦૦૦ માં નાખી ઉકાળો કરવો જ્યારે એક હજાર તોલા પાણી બાકી રહે ત્યારે ઉતારી ગાળી લેવું.

प्रमाण—૧। થી ૨॥ તોલા દિવસમાં બે વખત.

अनुपान—સ્વચ્છ પાણી સમભાગે લઈ મેળવીને પીવું.

उपयोग—મગજનાં તમામ દરદો, વાણીની અશુદ્ધતા, યાદશક્તિનીખામી, મંદબુદ્ધિ, માથાનુંદરદ, વાઇ, હિસ્ટીરીઆ, વાયુ, જ્ઞાનતંતુઓની નબળાઈ વગેરે મટી જઈ યાદશક્તિ વધે તથા બુદ્ધિ સુધરે છે.

प्रकरण ११मुं — अवलेह–माजुन

४१७ अष्टांगवलेह

बनावट—કાયફળ, કુષ્ટ, કાકડાશીંગ, પીપર, મરી, ધમાસો, ચાહજીરૂ, શુંઠ એ આઠ ચીજ સમભાગે લેવી અને તેમાં જોઈતું મધ મેળવી ચાટણ બનાવી બાટલીમાં ભરી રાખવું.

प्रमाण—०। થી ०॥ તોલો.

अनुपान—ગરમ પાણી કે દૂધ.

समय—દર ચાર ચાર કલાકે.

उपयोग—ભયંકર સન્નિપાત, ખાંસી, ગળાનોરોગ, કંઠનાદરદો, તથા કફ માટે બહુજ ઉત્તમ પ્રયોગ છે.

४१८ अश्वगंधादिअवलेह

बनावट—

આસગંધ	તો. ૫	જાયફળ	તો. ૧
શતાવરી	„ ૧	બસફાઈ	„ ૧
સમુદ્રશોષનાં બીજ	„ ૧	અગરબત્તી	„ ૧

રીત—કેસર, વંસલોચન અને અંબર શિવાયની બાકીની ચીજોને કચરીને ગુલાબજળમાં એક રાત પલાળી મુકવી સવારે તેનો ઉકાળો કરવો જ્યારે ઉકાળતાં ૩૦ તોલા રહે ત્યારે તેને ઉતારી ગાળી લેવું અને તેમાં સાકર તો. ૫૦ નાખી ચાસણી જલેબી જેવી કરી લેવી અને તેમાં કેશર, અંબર, વંસલોચન જુદા જુદા વાટી મેળવી દેવાં. તથા તેમાં સોનાનાંવરખ તો. ા, ચાંદીનાવરખ તો. ાા નાખી દેવા પછી માણેક, જહરમહોરાખતાઈ અને જમર્રૂદ એ દરેક ા, પા તોલો ગુલાબજળમાં અલગ અલગ વાટીને મેળવી દેવાં પછી તેને ખરલમાં વાટી મેળવી ચાટણ કરી બરણીમાં ભરી રાખવું.

પ્રમાણ—ા થી ાા તોલો.

અનુપાન—ગરમ દૂધ સાથે લેવું અથવા દવા ચાટી ઉપર દ્રાક્ષાસવ પીવો.

ઉપયોગ—હૃદયનીનબળાઈ, મગજનીકમજોરી, ક્ષયરોગની પ્રથમ અવસ્થા, શીરદર્દ ધાતુક્ષીણના તથા નબળાઈમટાડે છે અને શરીરનાં પણ તાકાત લાવી હૃદય, મગજને ફાયદો પહોંચાડે છે.

૪૨૦ इत्रीफलकसनीजी

બનાવટ—

પીળીહરડેનીછાલ	તો. ૧ાા	કાળીહરડે	તો. ૧ાા
કાબુલીહરડેનીછાલ	,, ૧ાા	બહેડાંનીછાલ	,, ૧ાા
આમળાંનું ચૂર્ણ	,, ૪ાા	ધાણાનું ચૂર્ણ	,, ૫
બદામનું તેલ	,, ૫	સાકર	,, ૨૦
મધ	,, ૪૦		

રીત—પ્રથમ દરેક ચીજનું જુદું જુદું ચૂર્ણ કરી તેમાં બદામનું તેલ મેળવી પછી મધ મેળવી દઈ ચાટણ બનાવી બરણી ભરી રાખવી.

યોગ્ય લાગે તે સાથે

ઉપયોગ—હરસ, અતિસાર, અરૂચી, સંગ્રહણી, મરડો, પાંડુ, રક્તપિત્ત, કમળો, અમ્લપિત્ત, સોજા, કૃશતા ઇત્યાદિમાં સારો ફાયદો આપે છે.

૪૨૩ कुलींजनअवलेह

બનાવટ—કુળુંજણુ (પાનની જડ અથવા જેને કુલીંજન કહે છે) તો. ૮૦ લઇ કચરી તેને પાણી તો. ૬૦૦ માં ઉકાળી અર્ધું બાકી રહે ઉતારી ગાળી લેવું ફરી તેને ચુલે ચડાવી ઘાટું થાય ત્યારે ગોળ શેર ૧ નાખી પાક કરવો પછી તેમાં કાયફળ, પુષ્કરમૂળ, ભારંગી, સુંઠ, પીપર, ચવક, ચિત્રક, પીપરીમૂળ, મરી, હરડે, બહેડા, આમળા, વાવડીંગ, ધાણા, જીરૂં, શાહજીરૂં, કાંકચ, અઘેડાનાબીજ, અરડુસીનાપાન એ દરેક ચીજ એકેક તોલો લઇ તેનું ચૂર્ણ કરી લેવું અને મધ તો. ૮૦ લેવું તેમાંથી ગોળ ઉપરના ક્વાથમાં નાખી જાડો પાક કરવો જ્યારે ચાટણ જેવું થાય ત્યારે ઉપરની દવાઓનું ચૂર્ણ નાખી ઠંડું કરી તેમાં મધ મેળવી ચાટણ બનાવી બાટલીમાં ભરી રાખવું.

પ્રમાણ—ાા થી ૧ તોલો.

સમય—દિવસમાં ત્રણ વખત.

ઉપયોગ—દરેક જાતની ખાંસી, હેડકી, સાદ બેસી જવો, ગળાના દરો, શ્લેષ્મ અને ખાસ કરી અવાજ સુધારવા માટે ઉત્તમ છે. ક્ષયમાં પણ વપરાય છે. જઠરાગ્નિ સુધારે છે.

૪૨૪ कुष्मांडअवलेह

બનાવટ—શ્વેત કોળું લાવી તેને છોલી તેની નાની ચીરે બનાવી તેનું વજન તો. ૪૦૦ હોય તો તેમાં પાણી તો. ૫૦૦ નાખી

अनुपान—ગરમ દૂધ સાથે.

समय—સવાર, સાંજ બે વખત.

उपयोग—અશક્તિ, નામરદાઈ, છાતીનું દરદ, ખાંસી, પ્રમેહ, બહુમૂત્રતા, ક્ષયરોગ, શ્વાસ, પાંડુરોગ, મંદાગ્નિ, સંગ્રહણી વગેરેમાં લાભદાયક છે.

૪૨૬ कंटकार्यावलेह

बनावट—ભોંરીંગણીનું પંચાંગ તો. ૪૦૦ લઈ સાધારણ કચરી તેમાં પાણી તોલા ૧૦૦૦ નાખી ઉકાળો કરવો. ચોથા ભાગ જેટલું બાકી રહે ત્યારે ઉતારી ગાળી લેવું અને તેમાં સાકર તો. ૨૦૦ નાખી ચુલે ચડાવી પાક કરવો. જ્યારે અવલેહ જેવું થાય ત્યારે તેમાં ગળો, ચવક, ચિત્રક, મોથ, કાકડાસીંગી, શુંઠ, મરી, પીપર, ધમાસો, રાસ્ના, ભારંગમૂળ, કચુરો એ દરેકનું ચૂર્ણ તોલા બે બે લઇ નાખી બરાબર પાક થયે ઉતારી લેવું અને તેમાં મધ તો. ૩૨, વંસલોચન તો. ૧૬, પીપર તો. ૧૬ ચૂર્ણ કરી મેળવી બરણી ભરી રાખી મુકવું.

प्रमाण—૧ થી ૨ તોલા.

अनुपान—દૂધ સાથે સવાર સાંજ બે વખત.

उपयोग—ક્ષય, ખાંસી, દમ, હેડકી, શ્વાસ, ફેફસાંનાં દરદો, વગેરેમાં સારો ફાયદો આપે છે.

૪૨૭ गोक्षुरादिअवलेह

बनावट—ગોખરૂ, આસગંધ, શતાવરી, વિદારીકંદ બલબીજ, જેઠીમધ, એખરો, કૌચબીજ, સેનમુશળી, વરધારાનાબીજ, લવંગ, મોટી-એલચી, જાવંત્રી, કેશર, જાયફળ, તજ, વંસલોચન, ગળોસત્વ, એલચી-બીજ, નાગકેશર એ દરેક બીજ એક એક તોલો લઈ ચૂર્ણ કરી

प्रमाण—ભૂખે પેટે ૨ થી ૪ તોલા, સવાર સાંજ બે વખત.

अनुपान—તાજું કે ગરમ કરેલું દૂધ રૂચી પ્રમાણે પીવું.

उपयोग—ક્ષય, ધાતુક્ષીણતા, મંદાગ્નિ, નબળાઇ, માથાનું દરદ, ખાંસી, શ્વાસ, હૃદયરોગ, મૂત્રદોષ, નેત્રરોગ વગેરે મટી દૂધ પાચન થાય છે. અનેક જુના રોગો મટાડી પુષ્ટિ આપે છે. રસાયન અને પૌષ્ટિક છે.

૪૨૯ द्राक्षादिअवलेह

बनावट—કાળીદ્રાક્ષ, જરદાલુ, મરી, સિંધાલુણ, શેકેલીભાંગ, જીરૂં, શુંઠ, સંચળ લસણનીકળી એ દરેક એકેક તોલો લેવાં. ઠળીયા વિનાનો ખજુર તો. ૫, હીંગ તો. ૧, ગુલાબનાંફુલ તો. ૧, પીપર તો. ૧, લીંબુનોરસ તો. ૨૦, ગોળ તો. ૨૦.

रीत—પ્રથમ સુકી દવાઓ ખાંડી જુદી રાખવી- પછી દ્રાક્ષ, ખજુર, જરદાલુ વગેરેના ઠળીયા કાઢી નાખી માવાને વાટવું અને તેમાં ગોળ તથા લીંબુનોરસ નાંખી લીંદા જેવું થાય ત્યારે ઉપરનું ચૂર્ણ તેમાં નાખી ચાટણ જેવું બનાવી બરણી ભરી રાખવી.

सूचना—આ દવા બનાવતાં વાસણ ચીનીનું લેવું, ધાતુપાત્રમાં કાટ લાગે છે જેથી તે લેવું નહિં.

प्रमाण—ાા થી ૧ તોલો લેવાય.

उपयोग—આ ચાટણ ભૂખ લગાડે, રૂચી પેદા કરે, દસ્ત સાફ લાવે તથા ખાધું પચાવે છે.

૪૩૦ निमगुलकंद

बनावट—

ત્રિફલા	તો.	૨	ત્રિકટુ	તો.	૨
સરપુંખાનુંમૂળ	,,	૨	પિતપાપડો	,,	૨
કુંભાનાપાન	,,	૨	લોહભસ્મ	,,	૨

નાખી મેળવી તૈયાર થાય ત્યારે તેમાં કપુર માસો ૧ મેળવી રાખી મુકવું.

प्रमाण—ા થી ૧ તોલો. समय—સવાર સાંજ.

अनुपान—બકરીના દૂધ સાથે.

उपयोग—દરેક જાતના પ્રદર માટે ઉત્તમ યોગ છે.

૪૩૨ पुनर्नवाहरितकीअवलेह

बनावट—				
	પુનર્નવા	તો. ૬૪	ચિત્રક	તો. ૬૪
	કાળીપાટ	„ ૪૦	શુંઠ	„ ૪૦
	દંતીમૂળ	„ ૪૦	હરડે(આખી)	નંગ ૧૦૦
	દશમૂળ	„ ૨૦૦		

એ દરેક ચીજ સાથે લઇ તેને પાણી તો. ૪૦૦૦ માં ઉકાળી ચોથા ભાગનું પાણી બાકી રહે ત્યારે ઉતારી ઠંડું કરી તેમાંથી હરડે કાઢી તેનો માવો જુદા કપડેથી છાણીને રાખવો અને બાકીના છાણેલા કવાથમાં ગોળ તો. ૪૦૦ નાખી પાક કરવો અને તેમાં હરડેનો માવો નાખી દેવો, જ્યારે બરાબર અવલેહ થાય ત્યારે ઉતારી તેમાં નાગકેસર, શુંઠ, મરી, પીપર, તજ, તમાલપત્ર, એલચી એ દરેક બે બે તોલા લઈ તેનું ચૂર્ણ કરી નાખવું અને મધ તો. ૩૨ નાંખી મેળવી બરણીમાં ભરી રાખવું.

प्रमाण—૧ થી ૨ તોલા. अनुपान—દૂધ સાથે.

समय—સવાર અને સાંજ.

उपयोग—સોજાનોરોગ, અર્શરોગ, ગુલ્મરોગ વગેરે માટે ઉત્તમ ઉપાય છે. પેટ સાફ કરે છે.

सूचना—કેટલાક વૈદ્યો, હરડે આખી રાખી માવો ન બનાવતાં ને બાફેલી હરડે, અવલેહ નરમ હોય તેમાં નાખી આખી રહેવા દે છે અને પછી એક એક હરડે રોજ ખાવા માટે આપે છે.

મુશલીકાળી	તો.	૧	મરી	તો.	૧
બલબીજ	,,	૨	કુલીંજન	,,	૦॥
વાયુંબા	,,	૧	જીરૂં	,,	૦॥
ધાણા	,,	૧	હળદર	,,	૦॥
એખરો	,,	૧	કોપરૂં	,,	૫
અશેરીઓ	,,	૧	પીસ્તા	,,	૫
બદામબીજ	,,	૫	સફેદમુશલી	,,	૧

રીત—ઉપરની દવાઓ સાફ કરી ખાંડી રવાદાર જાડો ભૂકો કરી લેવો અને તેને ઘી તો. ૧૦ માં ભૂકો તો. ૪ નાખી તળી લાલ કરી તેમાં ગોળ તો. ૧૦ તથા ઘઉંનો શેકેલો લોટ તો. ૬ નાખી કીડી બનાવી લઇ ઠંડું કરી ખાઈ જવી. આ કીટી દરરોજ સવારે ખાઈ ઉપર દૂધ પીવું અને પચે ત્યારે સાદો અને પૌષ્ટિક ખોરાક ખાવો.

ઉપયોગ—આ દવા સુવાવડી સ્ત્રીને માટે બહુજ અકસીર છે અને તેથી શરીર મજબુત થાય છે. નબળાઈ મટી જઠરાગ્નિ તેજ થાય છે. સિવાય વાયુ, શરદી મટે છે. નબળા માણસો માટે પણ પૌષ્ટિક તરીકે સારી છે. આ દવા પાકના રૂપમાં બનાવીને પણ ખાઇ શકાય છે અને ખપે તો ગુંદ બીજું વધારે નાખી બનાવાય છે.

૨૩૫ बालरोग्यचाटण

બનાવટ—

ગળોસત્વ	તો.	૨॥	મંડુરભસ્મ	તો.	૨॥
અતિવિષ	,,	૧	અભ્રકભસ્મ	,,	૧
પીપર	,,	૧	વંસલોચન	,,	૧
કાકડાશીંગ	,,	૧	જેઠીમધ	,,	૨॥
મરી	,,	૧	ગુંદ	,,	૧
શંખ	,,	બા	વાવડીંગ	,,	૧

અક્કલકરો	તો. ાા	જાવંત્રી	તો. ાા
અગરખાન	વાલ ૫	કસ્તુરી	વાલ ૧
કેશર	„ ૬	સાકર	તો. ૪૦

રીત—સર્વ વસ્તુઓનું બારીક ચૂર્ણ કરી લેવું. તેમાં સાકરની મધ જેવી ચાસણી કરી તેમાં દવાઓ નાખી મેળવી બરણીમાં ભરી રાખવું. ચાટણ જેવું થઇ જશે.

પ્રમાણ—ા થી ાા તોલો.

સમય—સવાર સાંજ જમ્યા પહેલાં લેવું.

ઉપયોગ—મગજ અને હોજરીને શક્તિ આપે છે, ખોરાક પચાવે છે, મુખને સુગંધયુક્ત બનાવી દાંતના મૂળને મજબુત બનાવે છે. મોળ, અરૂચી, પેટનાફમી, વાયુ, ગુરદાનીબીમારી, ઇંદ્રિની શિથિલતા, મૂત્રકૃચ્છ વગેરે મટાડી શક્તિ આપે છે.

સૂચના—આ દવા ખાવામાં સ્વાદિષ્ટ હોવાથી તેનાપર અનુપાન તરીકે કાંઇપણ લેવાની જરૂર નથી.

४३८ माजुनेबुकरात

બનાવટ—

ગાજરનાંબીજ	તો. ૨ાા	અનીસુન	તો. ૨ાા
સુઆદાણા	„ ૨ાા	અજમોદ	„ ૨ાા
અક્કલકરો	„ ા	લવંગ	„ ા
રૂમીમસ્તકી	„ ા	સાચોઅગર	„ ા
ગુલાબનાં ફુલનાં તંતુ (ઝરવર્દ)			„ ાા

રીત—એ સર્વેને ખાંડી બારીક ભુકો કરી તેમાં મધ તો. ૩૫ નાખી મેળવી બરણી ભરી રાખવી.

પ્રમાણ—ા થી ાા તોલો.

प्रमाण—૧ તોલો દૂધ સાથે લેવાય.

समय—સવાર, સાંજ બે વખત.

उपयोग—શક્તિ વધારનાર ઉત્તમ પ્રયોગ છે. ક્ષય, ખાંસી, ક્ષીણતા, જીર્ણજ્વર, મંદાગ્નિ વગેરે મટાડે છે.

૪૪૦ यवानीकाअवलेह

बनावट—

અજમો	તો. ૩	બીસ્ફાઇઝ	તો. ०।ॱ
ગાજરનાંબીજ	„ ૩	મધ	„ ૩૦
સૂંઠ	„ ૩	કેશર	„ ०।ॱ
અજમોદનાંમૂળ	તો. ૧।।		

रीत—બધી ચીજોને ખાંડી બારીક કરી તેમાં મધ મેળવી બાટલી ભરી રાખવી. અવલેહ જેવું ચાટણ થઇ જશે.

प्रमाण—०। થી ०।। તોલો.

समय—જમ્યા પછી લેવું.

उपयोग—હોજરીને શક્તિ આપે છે, દીપન અને પાચન ગુણ હોવાની સાથે મોઢામાંથી જતી લાળ બંધ કરી ગુરદાને તથા મૂત્રપિંડને તાકાત આપે છે. ધાતુપુષ્ટ કરી શક્તિ આપે છે. મોળ, વાયુ, કૃમી વગેરે મટાડી ખોરાક પચાવે છે.

૪૪૧ याकुती

बनावट—અંગનાપાન તો. ૪૦ લઇ તેની પોટલી બાંધી પાણીમાં ખુબ પિઠા લેવી. પછી તેને ગાયનું દૂધ તો. ૪૦૦ લઇ તેમાં નાખી ખૂબ ઉકાળવી. પછી તે દૂધને જમાવી તેનું દહીં બનાવી તેમાંથી માખણ કાઢી તેનું ઘી બનાવી લેવું. ત્યારબાદ તેમાં

૪૪૨ योगराज

બનાવટ— ત્રીફલા	તો. ૧૨	ત્રીકટુ	તો. ૧૨
ચિત્રક	" ૪	વાવડીંગ	" ૪
શિલાજીત	" ૨૦	રૌપ્યમાક્ષિકભસ્મ	" ૨૦
સુવર્ણમાક્ષિકભસ્મ	" ૨૦	લોહભસ્મ	" ૨૦
સાકર	" ૩૨		

રીત—એ દરેકને ખરલમાં ઘુંટી તેમાં શિલાજીત મેળવી ચૂર્ણ કરી લેવું અને તેમાં જોઇએ તેટલું મધ મેળવી ચાટણ જેવું કરી વાસણમાં ભરી રાખવું.

પ્રમાણ—૦। થી ૦॥ તોલો. **અનુપાન**—દૂધ સાથે.

સમય—સવાર સાંજ.

ઉપયોગ—પાંડુ, કમળો અને નબળાઇ માટે ઉત્તમ યોગ છે અને તેની પ્રશંસા ચરક મહિનામાં અદ્ભુત કરેલી છે અને અનુભવમાં પણ ઉત્તમ જણાય છે.

૪૪૩ वासावलेह

બનાવટ—અરડૂસીનાં લીલાંપાન તો. ૨૦૦ તથા પાણી તો. ૧૬૦૦ લઇ તેનો ઉકાળો કરવો ત્યારે ચતુર્થાંસ પાણી બાકી રહે ત્યારે ઉતારી ઠંડું થયે ગાળી લેવું.

રીત—ઉકાળેલા ક્વાથના પાણીમાં સાકર તો. ૧૨૮, નાખી મંદ અગ્નિ વડે અવલેહ જેવો પાક તૈયાર કરવો. તૈયાર થાય ત્યારે પીપર તો. ૨, વંસલોચન તો. ૪, તજ, તમાલપત્ર, એલચી, નાગકેસર એ દરેક અર્ધા તોલા લઈ એ સર્વેનું ચૂર્ણ નાખી નીચે ઉતારી ઠંડું થયે તેમાં મધ તો. ૨૦ નાખી ચીનીની બરણીમાં ભરી રાખવું

૪૪૫ सालमपाक

બનાવટ—	સાલમ	શેર ૦|	ધોળી મુશળી	તો. ૫
	કાળી મુશળી	તો. ૫	એખરો	,, ૨॥
	નરગંડી	,, ૨॥	પીપર	,, ૨॥
	અક્કલકરો	,, ૨॥	બલદાણા	,, ૨॥
	કૌચબીજ	,, ૧૦	જાયફળ	,, ૨॥
	જાવંત્રી	,, ૨॥	કેશર	,, ૨
	તજ	,, ૨॥	તમાલપત્ર	,, ૨॥
	શુંઠ	,, ૫	લવંગ	,, ૨॥
	વંસલોચન	,, ૫	શીંગોડા	,, ૫
	ચીનીકબાલા	,, ૫	આસગંધ	,, ૫
	મરી	,, ૨॥	એલચી	,, ૫
	નાગકેશર	,, ૫	ભીમસેનીકપુર	,, ૧।
	બદામબીજ	શેર ૦|	પીસ્તાં	શેર ૦|
	કસ્તુરી	તો. ૦|	અંબર	તો. ૦|
	ઘી	શેર ૮	સાકર	શેર ૮
	અડદની દાળનો લોટ	,, ૧।	બેશનુંદૂધ	,, ૨૦

રીત—પ્રથમ દૂધમાં સાલમનો ભૂકો નાખી માવો બનાવી તેની ઘીમાં ફીકી કરી લેવી. પછી અડદની દાળનો લોટ લઈ તેની ફીકી કરી લેવી. એ બંને જુદા રાખી સાકરની ચાસણી બનાવી તેમાં ફીકી નાખી પાકની રીતે પાક બનાવવો ફીકી નાખ્યા પછી ઉપરની સર્વ વસ્તુઓનું ચૂર્ણ નાખી મેળવી તેમાં બધું ઘી નાખી દઈ ને ઉપર કેશર, બદામ, પીસ્તાં, અંબર, કસ્તુરી વગેરે નાખી દેવાં અને ઈચ્છા હોય તો ચંદ્રોદય તો. ૧, લોહભસ્મ તો. ૨, પ્રવાલભસ્મ તો. ૧, વંગભસ્મ તો. ૨ તથા અભ્રકભસ્મ તો. ૨ મેળવી નાખી દઈ

શંખાવળી, ભારંગમૂળ, ગજપીપર, બલદાણાનાંમૂળ, પુષ્કરમૂળ એ દરેક આઠ આઠ તોલા લેવાં.

રીત—ઉપરની વસ્તુઓને અધકચરી કરી ખાંડી તેનાથી આઠગણું પાણી નાખી ક્વાથ કરવો. ફક્ત હરડે ખાંડયા સિવાય આખી નાખી દેવી. જ્યારે ચતુર્થાંશ પાણી બાકી રહે ત્યારે ઉતારી ગાળી લેવું. પછી જે હરડે રહી હોય તેને ભાંગી માવો કાઢી લેવો અને ઠળીયા ફેંકી દેવાં. માવાને કપડામાંથી દાબી લઇ છાણી લેવું તેને ઘી તો. ૩૨ લઇ તેમાં સેકી લેવું અને ક્વાથમાં ગોળ તો. ૪૦૦ નાખી પાક કરવો તેમાં ઉપરનો માવો નાખી દેવો, જ્યારે બરાબર અવલેહ થાય ત્યારે તેમાં પીપર તો. ૧૬ નું ચૂર્ણ તથા મધ તો. ૫૦ નાખી ઠંડું થયે બરણી ભરી રાખવી.

પ્રમાણ—૧ થી ૨ાા તોલા સવાર સાંજ બે વખત ચાટી ઉપર દૂધ પીવું.

ઉપયોગ—ક્ષય, ખાંસી, તાવ, દમ, હેડકી, હરસ, અરૂચી, પીનસરોગ, સંગ્રહણી વગેરે મટે છે અને દસ્ત સાફ આવે છે.

प्रकरण १२ मुं — शरवत

२२८ पानीशरवत

બનાવટ—પાનીનાં સુકાંપાન તો. ૮૦ લઇ તેને સાફ કરી ધોઇને તેમજ સાકર શેર અઢી (રતલ પાંચ) અને સ્વચ્છ પાણી શેર ૪.

રીત—કલઇ કરેલા એક સારા તપેલામાં પ્રથમ પાનીનાં સાફ કરેલાં પાન લઇ તેમાં પાણી શેર ચાર નાખી તેનો ધીમી આંચે

જેઠીમધ	તો. ૨	હરડેકાળી	તો. ૨
કમળનાફુલ	,, ૪	અજમોદ	,, ૨
લવંગ	,, ૨	અજમો	,, ૨
જાવંત્રી	,, ૨	ખડસલીઓ	,, ૪
દ્રાક્ષ	,, ૪	સરપુંખો	,, ૪
વાવડીંગ	,, ૪	શુંઠ	,, ૨
મજીઠ	,, ૧૦	ઉશબો ઇરાની	,, ૧૦
ગુલાબફુલ	,, ૧૦	મીંઢીઆવળ	,, ૧૦
ત્રિફલા	,, ૧૦	નાગરમોથ	,, ૩
લીંબડાનાફુલ	,, ૧૦	અમનુસણુરા	,, ૫

રીત—દરેક ચીજ જાડી ખાંડી ક્વાથ કરી લેવો. દવાના વજનથી આઠગણું પાણી લેવું, અને જ્યારે ચોથા ભાગનું પાણી રહે ત્યારે ઉતારી ઠંડું થયે ગાળી લેવું. પછી તેમાં સાકર શેર ૫ નાખીને શરબત કરી લેવું અથવા નળીકાયંત્રમાંથી અર્ક ખેંચી પછી તેનું શરબત બનાવી લેવું.

પ્રમાણ—૧ થી ૨ તોલા. **અનુપાન**—પાણી.

સમય—સવાર, સાંજ.

ઉપયોગ—રક્તવિકારનાં તમામ દરદો મટાડી લોહી શુદ્ધ કરે છે તથા શરીરમાં શક્તિ લાવી નબળાઇ મટાડે છે. અત્યંત ઉત્તમ અને અનુભવી પ્રયોગ છે.

અને ચમત્કાર જોઇ ખુશી થશો. ધોવા માટે બને તો લીંબડાનાં પાન-વાળું ગરમ પાણી વાપરવું સારૂં થશે.

૪૫૨ जसतनोमलम

बनावट—જસતનીભસ્મ (ઝીન્કઑક્સાઇડ) કે જે બજારમાં મળે છે તે તો. ૨॥ તથા વેસેલાઇન તો. ૨૦.

रीत—પ્રથમ એક વાટકામાં વેસેલાઇન થોડું ગરમ કરી તેમાં જસતની ભસ્મ મેળવી ઠંડું થાય ત્યારે બરાબર હલાવી ડબીમાં ભરી રાખવું.

उपयोग—ગરમીના દિવસોમાં અથવા ગરમીને લીધે છાલાં અથવા ગુમડાં થાય છે તે ઉપર આ ઠંડો મલમ બહુજ ઠીક જણાય છે. દાઝયા પછી જે ચાંદા રહે છે તે માટે ઠંડો અને અને સારો ઉપાય છે. મનલબ કે રૂઝવવાનું કામ ત્વરાથી કરે છે.

सूचना—મલમ લગાડયા બાદ જ્યારે સાફ કરવું હોય ત્યારે બારગનીછાલના ઉકાળેલા પાણીથી ધોવું.

૪૫૩ दद्रुनाशकमलम

बनावट—

ગંધક	તો. ૫	કારબોલીક એસીડ	તો. ૧।
કપુર	„ ૨॥	ગોઆ પાઉડર	„ ૫
વેસેલાઇન	„ ૮૦	બોરીકએસીડ	„ ૨॥
એસીડ સાલીસીલસ	તો. ૨॥		

रीत—પ્રથમ એક વાસણમાં વેસેલાઇન ગરમ કરી તેમાં મરકરી કારબોલીક એસીડ નાખી નીચે ઉતારી લેવું. પછી તેમાં બાકીની ચીજો એક એક ચૂર્ણ રૂપમાં હોય તે હળવે હળવે મેળવી આપવી અને મલમ જેવું જરા જાડું થાય કે તરત બાટલીઓમાં ભરી રાખવું.



પાણી નાખવાનું ચાલુ રાખવાથી મલમ જેવો ચીકાશદાર મોટો [illegible] તૈયાર થશે છેવટે પાણી નાખતાં સફેદ રંગનું પાણી નીકળશે [illegible] મલમ તૈયાર થયો સમજવો. પ્રથમ તો લીલા રંગનુંજ પાણી નીકળે તે સર્વ કાઢી દેવું અને મલમ તૈયાર કરી પાણીથી નીતારી [illegible] ભરી રાખવું.

ઉપયોગ—ખરજવું, સડતા ચાંદા, ઘારાં, વ્રણ, જુનાં [illegible] ચેપી તેમજ બળી જવાથી થઈ પડેલાં તમામ વ્રણ-જખમ [illegible] કરે છે. અને તાજું માંસ લાવી સંપૂર્ણ રૂઝાવે છે. બહુજ [illegible]

૪૫૬ व्रणनाशकमलम

બનાવટ—	કપુર	તો.	૨	બોદારશીંગ	[illegible]
	સફેદો	,,	૧૪	સફેદરાળ	,, [illegible]
	મીણ સફેદ દેશી	,,	૧૮	સિંદુર	,, [illegible]
	કારબોલીક એસીડ	,,	૨	[illegible]	[illegible]

રીત—પ્રથમ એક લોઢાની કડાઈમાં તેલને [illegible] મીણ મેળવી દેવું. બરાબર મીણ જ્યારે અંદર [illegible] નીચે ઉતારી ઉપરની દવાઓનું બારીક કપડછાણ [illegible] થોડું મેળવતા જવું અને લાકડાના તવેથા વડે બરાબર [illegible] અને જ્યારે તે બરાબર મળી જાય ત્યારે તેમાં [illegible] રસ નાખી બરાબર મેળવી ડબામાં ભરી રાખવું.

ઉપયોગ—વ્રણને રૂઝાવવા, માંસ ભરવા [illegible] આ મલમ અત્યંત ઉપયોગી છે. જખમ સાફ [illegible] છે. [illegible] કરી તે વડે ધોઈ દેવું [illegible] પછી લગાડી દેવો. નાડીવ્રણમાં આ મલમની [illegible]

प्रकरण १४ मुं — अंजन

४५९ चंद्रोदयवर्ती

बनावट— हरडेछाल	તો.	૧	વજ	તો.	૧
કુષ્ટ	,,	૧	પીપર	,,	૧
બહેડાનાઠળીઆનીમીંજ	,,	૧	મરી	,,	૧
શંખની નાભી	,,	૧	શુદ્ધમનશીલ	,,	૧

रीत—એ સર્વને લઇ બારીક વાટી ચૂર્ણ કરી તેને બકરીના દૂધમાં વાટી ગોળી અથવા વાટ બનાવી સુકવી રાખવી.

उपयोग—આ ગોળીને ત્રાંબાના સાફ વાસણ પર જરા પાણી નાખી ઘસીને આંખમાં આંજવાથી નવું અથવા જુનું ફુલું, માંસની વૃદ્ધિ, રતાંધળાપણું વગેરે નેત્રરોગ મટી દ્રષ્ટિ સાફ થાય છે.

४६० नयनामृतअंजन

बनावट—સીસું (નાગ) શેર ૧ લઈ તેને ગરમ રસ જેવો કરી ત્રિફલાનોક્વાથ, ભાંગરાનોરસ, કમળનીડાંડીનો રસ, બકરીનું દૂધ, ગાયનું ઘી, એ પાંચ ચીજોમાં વારા ફરતી સાત સાત વખત શુદ્ધ કરી લેવું. શુદ્ધ થયા બાદ જે સીસું રહે તેના સરખે વજને શુદ્ધ પારદ અને ગંધક તથા તે સર્વના સરખે વજને શુદ્ધ કાળોસુરમો મેળવી એકદમ બારીક વાટી તેમાં પારદનાં વજન પ્રમાણે ભીમસેનીકપુર નાખી બારીક ઘુંટી કપડછાણ કરી બાટલીમાં ભરી રાખવું.

उपयोग—શુદ્ધ સીસાની સળી વડે આ અંજન આંખમાં આંજવાથી તમામ નેત્રરોગ મટી આંખની રોશની સાફ થાય છે. દરેક વ્યક્તિને માટે આ અંજન સારો ફાયદો આપે છે. બની શકે

ઉકાળો કરવો. જ્યારે ફક્ત ૧૦ તોલા પાણીબાકી રહે ત્યારે ઉતારી ઠંડું થયે ગાળી લેવું અને તેને ફરી ધીમે તાપે ઉકાળી જાડું થાય ત્યારે ઉતારી લેવું. પછી તેમાં મધ તોલા ૪ નાખી ઘુંટી તેમાં ભીમસેની-કપુર તો. ૦। નાખી દેવું અને મેળવી એક બાટલીમાં ભરી રાખવું.

ઉપયોગ—આ દવા કાંજી જેવી પ્રવાહી અને ચીકાશવાળી થશે. તેની સળી ભરી આંખે સુરમાની માફક આંજવાથી અનેક ફાયદા થાય છે. રોશની વધે છે, ગરમી મટે છે, રતાશ મટે છે, ફુલ્લું મટે છે, ખીલ યના અટકી જાય છે, પાંપણનાં દરદો તથા પરવાળાં, ચીપડા, આંજણી, સોજો, રતાશ, વગેરે મટી સારો ફાયદો આપે છે.

સૂચના—આ દવા હંમેશાં સુરમાની માફક રાત્રે સુતી વખતે આંજવી જોઈએ. વળી ખાસ આંખનું દરદ હોય તો બપોરે પણ આંજી શકાય. નિરોગી માણસ પણ વાપરે તેમાં હરકત નથી. ખાત્રી લાયક અનુભવી પ્રયોગ છે.

૪૬૨ શ્વેતાંજન

બનાવટ— ઝીન્કસલફેટ વાલ ૨ બોરીકએસીડ વાલ ૫
ભીમસેનીકપુર ,, ૨ મીનાદસાકર ,, ૫

રીત—ઉપરની દરેક ચીજ બારીક વાટેલી લેવી. તેને ખરલમાં મેળવી ઘુંટી શીશીમાં ભરી રાખવું.

ઉપયોગ—આંખનાં તમામ દરદો જેવાંકે આંખ આવવી, રતાશ, ફુલું, છારી, પડળ, પરવાળાં, ઝાંખ, રતાંધળાપણું, વગેરેમાં આ અંજન સળી ભરી આંજવાથી સારો ફાયદો આપે છે અને તાપોડીયાં વગેરે મટાડી દૃષ્ટિ સાફ બનાવે છે.

ઉકાળો કરવો. જ્યારે ફક્ત ૧૦ તોલા પાણીઆશી રહે ત્યારે ઉતારી ઠંડું થયે ગાળી લેવું અને તેને ફરી ધીમે તાપે ઉકાળી જાડું થાય ત્યારે ઉતારી લેવું. પછી તેમાં મધ તોલા ૪ નાખી ઘુંટી તેમાં ભીમસેની-કપુર તો. ૦। નાખી દેવું અને મેળવી એક બાટલીમાં ભરી રાખવું.

ઉપયોગ—આ દવા કાંજી જેવી પ્રવાહી અને ચીકાશવાળી થશે. તેની સળી ભરી આંખે સુરમાની માફક આંજવાથી અનેક ફાયદા થાય છે. રોશની વધે છે, ગરમી મટે છે, રતાશ મટે છે, ફુલ્લું મટે છે, ખીલ થના અટકી જાય છે, પાંપણનાં દરદો તથા પરવાળાં, ચીપડા, આંજણી, સોજો, રતાશ, વગેરે મટી સારો ફાયદો આપે છે.

સૂચના—આ દવા હંમેશાં સુરમાની માફક રાત્રે સુતી વખતે આંજવી જોઇએ. વળી ખાસ આંખનું દરદ હોય તો બપોરે પણ આંજી શકાય. નિરોગી માણસ પણ વાપરે તેમાં હરકત નથી. ખાત્રી લાયક અનુભવી પ્રયોગ છે.

४६३ श्वेतांजन

બનાવટ— ગ્રીનકસલફેટ વાલ ૨ બોરીકએસીડ વાલ ૫
ભીમસેનીકપુર ,, ૨ ચીનાઇસાકર ,, ૫

રીત—ઉપરની દરેક ચીજ બારીક વાટેલી લેવી. તેને ખરલ-માં મેળવી ઘુંટી શીશીમાં ભરી રાખવું.

ઉપયોગ—આંખનાં તમામ દરદો જેવાં કે આંખ આવવી, રતાશ, ફુલું, છારી, પડળ, પરવાળાં, ઝાંખ, રતાંધળાપણું, વગેરેમાં આ અંજન સળી ભરી આંજવાથી સારો ફાયદો આપે છે અને તાપોડીયાં વગેરે મટાડી દૃષ્ટિ સાફ બનાવે છે.

લીંબડાનાં પાનની ચટણી કરી નાખી તેલ તૈયાર થાય ત્યારે ઉતારી લેવું. ઠંડું થતાં કપડે ગાળી બાટલી ભરી રાખવી.

उपयोग—કર્ણસ્રાવ, કર્ણનાદ, કર્ણશૂળ, કર્ણખરજ વગેરે મટાડે છે. કાનનાં દરદોમાં આ તેલનાં ટીપાં નાખવાથી સત્વર ફાયદો થાય છે.

૪૬૬ कासीसादितेल

बनावट—હીરાકસી, લાગુલી, કુષ્ટ, શુંઠ, મરી, પીપર, સિંધાલુણ, મનશીલ, કણેરનામૂળનીછાલ, વાવડીંગ, ચિત્રકમૂળ, દંતીમૂળ, અરડુસીપાન, કડવીનઇનાબીજ, દારૂડી, હરતાલ એ સર્વ સમભાગે લઇ પાણીમાં વાટી કલ્ક કરવો. તેમાં તલનું તેલ તો. ૬૪, થોરનુંદૂધ તો. ૮, આકડાનુંદૂધ તો. ૮ અને ગૌમૂત્ર શેર ત્રણ એ બધાને એક કડાઈમાં નાખી ચુલે ચડાવી ગરમ થાય ત્યારે ઉતારી લેવું.

उपयोग—હરસના મસા ઉપર આ તેલ લગાડવાથી મસા મરી જાય છે દરદ મટે છે અને મસા સુકાઈ જાય છે.

૪૬૭ कुमकुमाघतेल

बनावट—	તલનું તેલ	શેર	૪	પદ્મકા	તો.	૨
	લાખનો ક્વાથ	,,	૮	દારૂહળદર	,,	૨
	બકરીનું દૂધ	,,	૮	હળદર	,,	૨
	પલાશપુષ્પ	તો.	૨	ગૌરોચન	,,	૨
	લાખ	,,	૨	કમળફુલ	,,	૨
	મજીઠ	,,	૨	નીલોફર	,,	૨
	અગર	,,	૨	મનશીલ	,,	૨
	પરમક	,,	૨	વિદારીકંદ	,,	૨
	બોરડીનીલાખ	,,	૨	ઉનાબી	,,	૨

ચાર ચાર તોલા લેવી, તેલનો પાક સિદ્ધ થાય ત્યારે ઉતારી ગાળી રાખવું. આ તેલને ગાળી સારા વાસણમાં ભરી રાખવું.

उपयोग—આ તેલ લગાડવા, પીવા અને પીચકારીનાં કામ માટે બહુ વખણાય છે. સર્વ પ્રકારના વાતરોગ જેવાં કે:- પક્ષાઘાત, હનુસ્થંભ, ગળગ્રહ, કુબડાપણું, બ્હેરાપણું, કેડઝલાવી, ઉરૂસ્થંભ, શોષ, જ્વર, ક્ષય, વધરાવળ, પડખાનુંશૂળ, પ્રમેહ, શુક્રક્ષય, વાથી ઝલાઈ જવું એવા તમામ દરદોમાં માલીશ કરવાથી સારો ફાયદો આપે છે.

૪૬૧ पंचगुणतेल

बनावट—હરડેછાલ, બહેડાંછાલ, આમળાંનીછાલ, એ ત્રણે પાંચ પાંચ તોલા મળી કુલ્લે તોલા પંદર તથા લીંબડાનાંપાન તો. ૧૫, નગોડનાંપાન તો. ૧૫ લઇ તેનો પાણી તો. ૩૦૦માં ક્વાથ કરવો. જ્યારે તેમાંથી પાણી તો. ૧૦૦ રહે ત્યારે ઉતારી ગાળી લેવું અને તેમાં નીચેની ચીજો નાખી ફરી પાક કરવો.

ગુગળ	તો. ૫	રાળ	તો. ૫
સેલારસ	,, ૫	મીણરેશી	,, ૫
ગંધબેરજો	,, ૫	તલનુંતેલ	,, ૬૦

रीत—આ ચીજોમાંથી પ્રથમ તેલ નાખી મોટા વાસણમાં ધીમે તાપે પાક કરી પાણી બળી જાય, તેલ રહેલું દેખાય ત્યારે બીજી ચીજો નાંખવી મળી જાય ત્યારે ગાળી લેવું. પછી તેમાં કપુર તો. ૫ તથા કારબોલીકએસીડ તો. ૨॥ નાખી બાટલીમાં ભરી લેવું.

उपयोग—કાનમાંથી રસી આવતી, દાઝનું, વ્રણ, નાડીવ્રણ, ધારૂં, ખરજવાંચાંદાં, નાની નાની ફોલ્લીઓ, ચેપવાળાં ગુમડાં, વગેરેમાં આ તેલ માનો અને સિદ્ધ ઉપાય છે. જરૂર મુજબ દીવાં નાખવાં અથવા પાટ ભરી નાખવી કે રૂનું પુમડું લગાડવું જેથી ઉપર કહેલાં

લઈ તે પાણીમાં તેલ નાખી ધીમે તાપે પાક કરતાં પાણી બળી જાય ત્યારે ઉતારી ઠંડું થયે છાણી લઇ બાટલીઓ ભરી રાખવી. જરૂર હોય તો ઉપરથી સુગંધ નાખવી.

उपयोग—માથાનીગરમી, અપસ્માર, વાઇ, ઉન્માદ, યાદશક્તિનીખામી, હિસ્ટીરીયા, વાયુ, માથાનુંદરદ, વાળ ખરી જવા, ખોડો, થવો વગેરે મટી વાળ વધારે છે અને બુદ્ધિની વૃદ્ધિ કરે છે.

૪૭૨ मरिच्यादितेल

बनावट—મરી, હરતાલ, નસોતર, રક્તચંદન, નાગરમોથ, મનસીલ, જટામાસી, હળદર, દેવદાર, દારૂહળદર, ઇંદ્રવારૂણીનાંમૂળ, કણેરનાંમૂળ, કુષ્ટ, આકડાનાંમૂળની છાલ એ દરેક એકેક તોલો તથા સરસવનું તેલ તો. ૮૦, ગૌમૂત્ર તો. ૮૦ તથા શુદ્ધવછનાગ તો. ૨ લેવું.

रीत—સુકી વસ્તુઓને પાણીમાં વાટી કલ્ક કરી તેને તેલ તથા ગૌમૂત્રમાં નાખી ધીમે તાપે પાક કરવો અને માત્ર તેલ રહે ત્યારે ઉતારી ગાળી લેવું.

उपयोग—શરીરે ચોળવાથી ચામડીનાં દરદો જેવાં કે ખસ ખરજવું, કોઢ, ચળ, ચિત્રી, ઝીણી ઝીણી ફોલ્લી, ચકામાં વગેરે મટે છે.

सूचना—તેલ ચોળ્યાબાદ હાથ સાબુથી ધોઇ લેવા.

४७३ महासुगंधीतेल

बनावट—રતાંજલી, ચંદન, અગર, દેવદાર, પતંગ, પદ્મક, કપુર, કેશર, કસ્તુરી, જાયફળ, જાવંત્રી, ગુગળ, નાગકેશર, લવંગ, એલચી, ચીનીકબાબા, તજ, તમાલપત્ર, વાળો, છડીલો, દારૂહળદર, [illegible], કચુરો, શિલારસ, નાગરમોથ, નખોડનાંમૂળ, [illegible], લોબાન, [illegible], [illegible], [illegible], [illegible], [illegible], મરડા, [illegible],

ઉપયોગ—વિષમજ્વર, શ્વાસ, કાસ, શળેખમ, કમર અને પીઠનુંશળ, વાયુ, પિત્તનોકોપ, વાઇ, ઉન્માદ, ક્ષયરોગ, ભૂતબાધા, ખરજ, પસીનાથી શરીરમાં વાસ નીકળવી, વગેરે દરદો આ તેલ શરીરે માલીશ કરવાથી મટે છે. ગર્ભિણીસ્ત્રી જો આ તેલનું માલીશ કરે તો ગર્ભને પુષ્ટિ મળે છે અને બાળક નિરોગી અવતરે છે.

સૂચના—ક્ષયના તાવમાં આ તેલ સારો ફાયદો આપે છે માટે થોડો વખત શ્રદ્ધા રાખી માલીસ કરાવવું.

૨૭૫ વાતનાશકતેલ

બનાવટ—

સરસડાનાંપાન	તો. ૫	ધતુરાનાંપાન	તો. ૫
શતાબનાંપાન	„ ૨॥	અજમો	„ ૨॥
ખુરાસાણીવજ	„ ૨॥	કપુર	„ ૧॥
વછનાગ	„ ૧	સિંધાલુણ	„ ૨॥
શુંઠ	„ ૨॥	ઝેરકુચલા	„ ૧॥

કપુર સિવાય સર્વને સાથે ખાંડી વાટીને લુગદી બનાવી લેવી પછી તલનુંતેલ તો. ૮૦ લઇ તેને બરાબર ગરમ કરી તેમાં ઉપરની તૈયાર કરેલી લુગદી નાખી ધીમે તાપે પાચન કરવું. અને તેમાં બરાબર રંગ આવીને ફીણ આવતું અટકે ત્યારે ઉતારી કપડાથી ગાળી કપુર મેળવી ઠંડું થયે બાટલી ભરી રાખવી.

વાપરવાની રીત—દુખની જગાને પ્રથમ સ્હેજ ગરમપાણીથી ધોઇ સાફ કરી તેનાપર તેલથી નરમ હાથે સારી રીતે માલીશ કરવું. ઉપર શેક કરવો.

ઉપયોગ—વાયુના વિકારથી થતું શળ, અંગ ઝલાઇ જવું, લકવો, પક્ષાઘાત, ઉરુસ્થંભ, કંપવા, હાડકું કે માસ સુકાઇને પીડા થવી, માર વાગવાને લીધે સોજો ચઢી આવવો, પીડા થવી વગેરે

તગર	,,	૨॥	અગર	,,	૫
બ્રાહ્મી	,,	૫	મોથ	,,	૧૦
ગુલાબનાંફુલ	,,	૫	તજ	,,	૨॥
તમાલપત્ર	,,	૨॥	તલનુંતેલ(શેર ૮)	,,	૬૪૦

રીત—ઉપલાં વસાણા અધકચર્યાં ખાંડી તેમાં તેલ નાખી એક વાસણમાં આઠ દિવસ પલાળી મુકવું. પછી સુકાં આમળાં શેર ૧ (તોલા ૮૦) લઇ તેને પાણી શેર ૧૦ માં ઉકાળો કરી પાણી શેર ૫ રહે ત્યારે તેમાં ઉપલાં વસાણા તથા તેમાં નાખેલ તેલ એ સર્વે નાખી ચુલે ચડાવી ધીમે તાપે પકાવવું. પાણી બળી જાય ત્યારે તેમાં રંગ લાવવા માટે લીલાં આમળાંનાં પાનનું ચૂર્ણ તો. ૨૦ આસરે નાખવું. યાતો લાલ રંગ લાવવું હોય તો જાસુંદી તો. ૫ નું ચૂર્ણ નાખી બરાબર પાક થાય ત્યારે ઉતારી લેવું. ધ્યાન રાખવું કે પાણી ને તેલ બંને સાથે પકાવવાના હોવાથી ઉભરો આવી બહાર ન નીકળી જાય માટે અગ્નિ ધીમો રાખવો, વાસણ ચારગણું મોટું હોવું જોઇએ એટલે હરકત થશે નહિ. બરાબર તૈયાર થાય ત્યારે ઉતારી લઈ ઠંડું થયે કપડા વડે બે વાર ગાળી બાટલીમાં ભરી લેવું.

ઉપયોગ—શરીરે ચોળવા, માથામાં નાખવા આ તેલ ઘણુંજ ઉત્તમ છે. સ્વચ્છ અને ચીકાશ રહિત હોવા સાથે ગુણમાં ઠંડું, વાળ વધારનાર તથા વાળને કાળા અને મજબુત બનાવે છે. આ તેલ લાંબા વખત સુધી બગડતું નથી કારણ કે તે પાકું થયેલું કહેવાય.

२७८ सुधांसुतेल

બનાવટ—ટરપીટાઇનનું તેલ તો. ૫, કપુર તો. ૧, ઑઇલ ઓફ જ્યુપરી (એરંડીનું તેલ) તો. ૨, ઑઇલ યુકેલિપ્ટસ તો. ૨॥, મલકાંગનીનું તેલ તો. ૫ એ સર્વને એકઠી બાટલીમાં ભરી રાખવું

કુષ્ટ, શંખપુષ્પી, શતાવરી, જેઠીમધ, દ્રાક્ષ, વિદારીકંદ, કમળનોકંદ, કેળનોકંદ, વાવડીંગ એ અગીઆર ચીજ બે બે તોલા તથા ત્રીફલા તો. ૨, ત્રીકટુ તો. ૨ એ બધાને પાણીમાં વાટી કરેલી તૈયાર લુગદી એક વાસણમાં ગાયનું ઘી શેર ૩ તથા ગાયનું દૂધ શેર ૫ નાખી ચડાવેલું હોય તેમાં નાખી ધીમે તાપે પાચન કરવું. દૂધ બળી બાકી ઘી રહે ત્યારે ઉતારી ગાળી લેવું.

પ્રમાણ—૧ થી ૨ તોલા.

અનુપાન—દૂધ સાથે કે રૂચી થાય તે રીતે.

ઉપયોગ—સ્મરણશક્તિ વધારે, બુદ્ધિ વધારે, સ્વર સુધારે, મગજશક્તિ ખીલવે, હીસ્ટીરીઆ, ઉન્માદ, મગજનોદુખાવો વગેરે મટાડી મગજની શક્તિ વધારે છે.

૪૮૧ ફળઘૃત

બનાવટ—હરડા, બહેડા, આમળા, જેઠીમધ, કુષ્ટ, હળદર, દારૂહળદર, કડુ, વાવડીંગ, પીપર, નાગરમોથ, ઇંદ્રવારૂણી મોટીનાંમૂળ, કાયફળ, વજ, અનંતમૂળ, કાળાઅનંતમૂળ, ધહુંલા, સુવા, હીંગ, રાસ્ના, સુખડ, રક્તચંદન, જાઇનાંફુલ, કમળફુલ, વંસલોચન, અજમોદ, દંતીમૂળ, સાકર, શતાવરી, આસગંધ આ કુલે બત્રીશ ચીજ એકેક તોલો લેવી, એકજ રંગની ગાયનું દૂધ શેર ૪ એજ ગાયનું ઘી તો. ૬૪ લેવું.

રીત—પ્રથમની ચીજો બારીક વાટી તેની દૂધમાં ચટણી (કલ્ક) કરી લેવી. પછી એક સારા કલઈદાર વાસણમાં દૂધ નાખી ગરમ થાય ત્યારે કલ્ક નાખી ધીમે તાપે પાક કરવો. દૂધ બળી જાય કેવળ ઘી રહે ત્યારે ઉતારી ગાળી લેવું.

પ્રમાણ—ાા થી ૧ તોલો. દૂધ સાથે દરરોજ એક વખત.

ઉપયોગ—આ ઘી પેટના-મનપસંદ અનુપાન સાથે લેવાથી

૪૮૩ उलटीनाशकक्षार

बनावट—ખાટાં લીંબુને ચીરી રસ કાઢવા પછી છાંયે સુકવી લેવાં પછી તે સુકાયેલાં લીંબુને એક માટીના વાસણમાં કે સાફ પત્થરપર મુકી બાળી રાખ કરી લઇ કપડે ચાળી બાટલીમાં ભરી રાખવું.

प्रमाण—૩ થી ૬ રતિભાર. **अनुपान**—મધ સાથે.

समय—દર ત્રણ ત્રણ કલાકે અથવા જરૂરીઆત પ્રમાણે.

उपयोग—ગમે તે પ્રકારની આવતી ઉલટી આ ક્ષારથી બંધ થાય છે અને મોળ, વાયુ, ચૂંક, ઉબકા, ઉલટી એ દરેકને મટાડી ઉલટી બંધ કરે છે.

सूचना—આ દવા નાનાં બાળકોને માટે તથા ગર્ભિણી સ્ત્રીની ઉલટીને માટે વાપરતાં સારી ફાયદાકારક જણાઇ છે.

૪૮૪ कनकक्षार

बनावट—ધતુરાનાંપાન તો. ૨૦ આકડાનાંપાન તો. ૨૦
અધાડાનુંપંચાગ ,, ૨૦ અરડુસીનાંપાન ,, ૨૦
ભોંરીંગણીનુંપંચાગ તો. ૨૦

रीत—ઉપરની દવાઓને સારી સુકવી લેવી અને પછી તેને એક સાફ માટીના વાસણપર કે પત્થર ઉપર રાખી બાળીને તેના કોલસા કરી લેવા. ભસ્મ જેવું થઈ ન જાય તે ધ્યાનમાં રાખવું. આ કોલસાને બારીક વાટી કપડછાણ કરી લઈ તેનું વજન કરો તો. ૫ થાય તો તેમાં નીચેની ચીજો અર્ધા વજને લઈ મેળવી ચૂર્ણ કરી બાટલીમાં ભરી દેવું. કાકડાશીંગ, પીપર, કાથો, કાયફળ, અકલક-રાક, જવખાર, જેઠીમધ એ દરેકનું ચૂર્ણ અડધો તોલા લઈ ઉપરના



ત્રણ દિવસ ભીંજવી રાખવું. પછી સુકાય એટલે તેમાં આકડાનું દૂધ નાખી ત્રણ દિવસ ભીંજવી બાદ સુકાવી વાટી લઈ તેને આકડાનાં પાન વચ્ચે રાખી સંપુટ જેવું કરી ગોળો બનાવી કપડમાટી કરી ગજપુટ અગ્નિમાં ફૂંકી દેવું. ઠંડું થાય ત્યારે કાઢી લઇ વાટી કપડછાણ તેમાં નીચેની ચીજોનું ચૂર્ણ મેળવી બાટલીમાં રાખવું. શુંઠ, મરી, પીપર, હરડે, બહેડાં, આમળાં, ગજપીપર, અજમો, જીરૂં, ચિત્રકછાલ, એ દશ દવાઓનું ચૂર્ણ ઉપરના ક્ષારની ભસ્મનાં વજન જેટલુંજ બધું થઇને લેવું જોઇએ.

प्रमाण—૦| તોલો. **अनुपान**—સ્હેજ ગરમ પાણી.

उपयोग—ગુલ્મ, વાયુ, ઉદરરોગ, શૂળ, અજીર્ણ, મંદાગ્નિ, અરૂચી વગેરે મટે છે.

૪૮૭ सुरणक्षार

बनावट—સુરણ પાંચ શેરની એક ચકી લાવી વચ્ચે ખાડો કરી તેમાં એક શેર લાલ ફટકડીનો ભૂકો કરી વચ્ચે રાખવી. ઉપર સુરણ ઢાંકી તેના પર કપડમાટી કરી સુકવી તેને ગજપુટ અગ્નિ આપવી, તો તે શ્વેત ભસ્મ થઈ જશે. એટલે તે કાઢી વાટી ચાળી સંભાળી બાટલીમાં ભરી રાખવી.

प्रमाण—૬ થી ૧૨ રતિભાર.

समय—સવાર, સાંજ બે વખત.

अनुपान—મલાઈ અથવા માખણ સાથે.

उपयोग—દસ્તમાં પડતું લોહી આ દવાની ફાકી બે ત્રણ માત્રા લેવાથી બંધ થઇ તુરત આરામ થાય છે.



માટે લીંબડાનાંપાનનો કવાથ બનાવી તેના વડે ધોવું અને રૂઝાવવા માટે સાદા મલમની પટી મારી સાફ થઇ જાય ત્યાંસુધી સ્વચ્છતાથી પાટો બરાબર બાંધવો.

૪૯૦ दशांगलेप

बनावट—સરસડાનીછાલ, તગર, જેઠીમધ, રતાંજલી, જટામાસી, હળદર, દારૂહળદર, કઠ, વાળો, એલચી એ દશ ચીજો સમભાગે લઈ ચૂર્ણ કરી તેને જરા ઘીનો કરમો આપી બાટલી ભરી રાખવી.

वापरवानी रीत—એક પત્થર ઉપર લેપનો ભૂકો મુકી ગુલાબ જળ અગર પાણી વતી વાટી લેપ તૈયાર કરવો. જરૂર પ્રમાણે જાડો લેપ લગાડી ઉપર એકાદ પાન મુકી પાટો બાંધી દેવો.

उपयोग—ગરમીથી થતા ગડગુમડ, સોજો, દાહ, રતવા, ઉદરવા, ઝેરી પ્રાણીઓનાં ડંખથી થતો સોજો, વનસ્પતિના ઝેરથી થતો સોજો તથા દાહ, બળતરા વગેરે મટી જાય છે. ખરજવું પણ મટાડે છે. ઠંડા લેપ તરીકે ઉત્તમ ઉપાય છે.

૪૯૧ दोषघ्नलेप

बनावट—સરગવાનીછાલ, સૂંઠ, સરસવ, દેવદાર, સાટોડીનાંમૂળ, એ સર્વ સમભાગે લઈ ચૂર્ણ કરી ચાળી લઇ બાટલી ભરી રાખવી.

वापरवानी रीत—ખાટી છાશમાં, પાણીમાં કે દહીંનાંપાણીમાં આ લેપને પત્થરપર વાટી જાડો લેપ લગાડી ઉપર કોઇ પાન મુકી પાટો બાંધી દેવો.

उपयोग—વાયુથી અને કફથી થતો કોઇપણ જાતનો સોજો, ગળનોસોજો, ગાંઠ, ગ્રંથી, ગુમડાં વગેરેને પકાવીને ફોડી નાખે છે અને સોજો ઉતારે છે.

ઉપયોગ—દાંતનાં દરદો જેવાં કે સળ, પરૂ નીકળવું, રસી, દાંત હાલવા, સડો થવો, દંતકૃમી, પથરીબાઝવી વગેરે મટાડી દાંતને સ્વચ્છ અને મજબુત બનાવે છે.

વાપરવાની રીત—આ મંજન દાંતે ઘસી પછી પાણી વડે કોગળા કરવા જોઇએ.

प्रकरण २० मुं — पेटंटदवाओ

४९४ आयुर्वेदिकचहा

બનાવટ—સુંઠ, મરી, પીપર, વરીઆળી, જેઠીમધ, અક્કલકરો, તજ, લવંગ, એલચી, જાવંત્રી, શતાવરી, આસગંધ, અનંતમૂળ, રોહીતછાલ, આમળાં, તુલસીનાંપાન, ગુલાબનાંફુલ, ચોપચીની, નાગકેસર, નસોતર, વિદારીકંદ એ દરેક એકેક તોલો તથા દશમૂળની દશ ચીજો તો. ૩૦ લેવી.

રીત—ઉપરની એકત્રીશ ચીજો લઇ કુટી જાડો ભૂકો કરી રાખવો. તેમાંથી ૦।। તોલો ભૂકો દૂધ તો. ૨૦માં નાખી ઉકાળો કરવો ને તેમાં સાકર તોલા બે નાખી ઉભરો આવે ઉતારી લઇ કપડે ગાળી ઠંડુ થયે પી જવું.

ઉપયોગ—શરીરમાં ગરમી લાવે, વાયુ મટાડે, શરદી મટાડી કફપ્રકોપને તોડે તથા દમ માટે લાભકારી ભૂખ લગાડે છે. દરરોજ ચહા તરીકે વાપરવાથી સારો ફાયદો આપે છે, દરેક ઋતુમાં વાપરી શકાય છે. બપોરે તો અર્ધુ પાણી અને અર્ધુ દૂધ નાખી બનાવવી જોઇએ.

રીત—સર્વને સાથે મેળવી હલાવી કરી બાટલીમાં ભરી ખવું અને તેનાં ટીપાં સવાર સાંજ કાનમાં નાખવાં.

ઉપયોગ—કાનનુંશૂળ, ચસકા, રસીઆવવી, સોજો વગેરે મટી આરામ આપે છે.

४९७ केशवर्धकमसालो

બનાવટ—તેલમાં તળેલા આંબળાનુંચૂર્ણ તો. ૮, ગોવાદ્દીપ[illegible] તો. ૪, કપુરકાચલી, કચુરો, મોથ, વાળો, અગર, તગર, સુખડ, ગુલાબ[illegible] નાંપુલ એ દરેક એકેક તોલો લઇ સર્વ કુટી તેનું ચૂર્ણ તૈયાર ક[illegible] રાખવું.

વાપરવાની રીત—આસરે બે તોલા ભૂકો લઇ પત્થર[illegible] ગુલાબજળ અથવા પાણીમાં તેને વાટી લુગદી જેવું કરી માથ[illegible] વાળમાં ભૂંસી સારી પેઠે ચોળી લઇ અને ન્હાઇ લેવું એટલે[illegible] ધોવાઇને સાફ થઈ જાય. આ પ્રમાણે અઠવાડીએ એકાદ વ[illegible] કરવું જોઇએ.

ઉપયોગ—વાળ વધારી નરમ, સુંવાળા અને તેજસ્વી [illegible] છે તેમજ શરીરે લગાડવાથી ખરાબવાસ મારતો પસીનો તથા [illegible] ટીના રોગ મટી સારી સુગંધ આવે છે.

४९८ फीवरमिक्श्चर

બનાવટ—કીનાઇનસલ્ફ તો. ૫ લાઇકરઆરસેનિક[illegible]
એસીડસલ્ફ્યુરિકડીલ „ ૧૦ ટીંકચરકેપ્સીકમ[illegible]
એસીડ એસેટીક „ ૫ મેગ્નેશીઆ.સલ્ફ[illegible]
એસીડ એસેટીક „ [illegible]
એમોનીઆ ક્લોરાઇડ „ ૧૦

રીત—પ્રથમ કીનાઇનને એસીડસલ્ફ્યુરિક ડીલ મેળ[illegible]

વાપરવું. એકદમ શરદીના ઉપદ્રવમાં આ દવા નાનાં બાળકોને ન આપવી જોઇએ.

५०० माथानोमलम (बाम)

બનાવટ—દાલચીનીનુંતેલ તોલા ૨ા, યુકેલેપ્ટીસતેલ તો. ૨ા, એલચીનુંતેલ તો. ૨ા, પીપરમેન્ટ તો. ૨ા, કપુર તો. ૨ા, અજમાનાંફુલ તો. ૨ા, ચાનુંતેલ તો. ૨ા, ઑઇલમેથીલીસાલીસીલસ તો. ૨ા, વેસેલાઇન રતલ ૨. પેરાફીનકકણ તો. ૨૦.

રીત—પ્રથમ થોડી ગરમી ઉપર એક ચીનીના વાસણમાં વેસેલાઇન ગરમ કરી તેમાં પેરાફીન મેળવી પછી ઉપરનાં વસાણાં મેળવી દેવાં અને પછી કાચની પેચવાળી શીશીઓમાં તુરત ભરી લેવું.

ઉપયોગ—ફક્ત લગાડવા માટેજ વપરાય છે.

ફાયદો—માથાનુંદરદ, સંધિવા, શરદી, ખાંસીનુંદરદ, શ્વાસ, લચક, શળેખમ, પીઠનુંદરદ, પાર્શ્વશુળ, ઝેરી પ્રાણીઓનો ડંખ, વગેરે પર દવા ઘસવાથી આરામ થાય છે.

५०१ सर्वव्याधिनाशकरस

બનાવટ—કપુર તો. ૨ા, પીપરમેન્ટનાફુલ તો. ૨ા, અજમાનાંફુલ તો. ૨ા, એલચોનોઅર્ક તો. ૧ા (ટીચર કાર્ડમમો), લવેન્ડરનોઅર્ક તો. ૧ા (ટીચર લવેન્ડુલા).

રીત—પ્રથમ કપુરને ખરલમાં ઘુંટી લઈ એક કાચની બુચવાળી બાટલીમાં નાખી તેમાં બાકીની ચીજો નાખી જરા હલાવી બાદ ચાર કલાક એક જગ્યાએ બંધ બાટલીમાં રાખી મુકવાથી [illegible] રંગનું [illegible] તૈયાર થશે તેને કપડે ગાળી મજબુત બુચવાળી ([illegible]) બાટલીમાં ભરી મુકવું.

લીલી દવાઓ માટે ચારગણું પાણી નાખવું બરાબર દેખાય છે. ક્વાથ માટે વનસ્પતિ ૧ થી ૨ તોલા લેવાય, પ્રવાહી તૈયાર થએલા ક્વાથનું પ્રમાણ એક વખત માટે ૨ થી ૪ તોલા લેવાય.

चूर्ण—સુકી દવાઓને સાફ કરી લખેલા વજન પ્રમાણે લઇ તેને જરા તડકે સુકવી બારીક ખાંડી ચાળણી કે કપડાથી ચાળી લેવું તેનું નામ ચૂર્ણ છે. તેની માત્રા ॥ થી ॥। તોલા સુધીની ગણાય છે.

गोळी—ગોળીને ગુટી, વટી, વટક કે પીલ્સ કહેવામાં આવે છે. બારીક કરેલા ચૂર્ણને પાણી સાથે, મધ સાથે, કોઇ વનસ્પતિના સ્વરસ કે ક્વાથ સાથે ઘુંટી લઈ લખેલા પ્રમાણની ગોળી બનાવી છંયે સુકવી લેવી તેનું નામ ગોળી છે. જે બનાવટમાં ગુગળ આવે તેની પ્રથમ ગુગળનો ક્વાથ કરી તેમાં સુકી વસ્તુઓ નાખી લોંદા જેવું કરી પછી ગોળી વાળવા જેવું થતાં ઘીવાળો હાથ કરી ગોળી બનાવવી જોઇએ. કેટલીક જાતની ગોળી સુકવવા માટે ઉપર પાઉડર તરીકે ધાપાણ ભસ્મનો ભૂકો છાંટવામાં આવેછે.

अवलेह-चाटण—લીલી કે સુકી વનસ્પતિને પાણીમાં નાખી ઉકાળો કરી અમુક ભાગ બાકી રહે ઉતારી ગાળી તેને ફરી ચુલા-પર મુકી મંદાગ્નિ વડે પાક કરવો. તે વખતે તેમાં ગોળ કે સાકર નાખવાની હોય તે મેળવી આપવી અને પછી જાડું થાય ત્યારે તેમાં ઉપરથી નાખવાનું ચૂર્ણ બારીક કરેલું હોય તે મેળવી આપવું. ઠંડું થાય ત્યારે મધ મેળવવાનું હોય તે મેળવી આપો એટલે તે અવલેહ તૈયાર થયો કહેવાય. અવલેહ બરાબર ન થાય તો તે બગડી જાય છે માટે તેની પરિક્ષા કરવી કે "પાણીમાં તેને નાખતાં તળીએ બેસી જાય અને છુટું ન પડે તો સમજવું કે બરાબર છે". કેટલીક વાર મધમાં સુકી દવાઓનું ચૂર્ણ મેળવીને પણ ચાટણ બનાવાય છે.

आसव—સુકી લીલી દવાઓને ખાંડી જાડો ભૂકો કરી તેમાં

આંજી શકાય છે.

નસ્ય—નાકમાં સુંઘવાની દવાને નસ્ય કહે છે, પછી તે ચૂર્ણ તેલ કે ઘી રૂપે ગમે તે હોય પણ નસ્ય કહેવાય છે.

પોટીશ—લોટ, ચૂર્ણ અથવા અલશી જેવી ચીજના જાડા ભૂકાને ગરમ પાણીમાં મેળવી, બાફીને કે સુકીજ સેકીને પોટલી વચ્ચે રાખી દરદવાળી જગાએ શેક માટે વપરાય તેને પોટીશ કહે છે.

ધૂપ-ધુમાડી—અગ્નિ એક વાસણમાં રાખી તેનાપર દવા નાખવી અને તેનો ધુમાડો શરીરના કોઇ પણ ભાગમાં જ્યાં દરદ હોય ત્યાં આપવો અથવા રહેવાના મકાનમાં ધુમાડો કરવો તેને ધૂપ કે ધુમાડો કહે છે.

ધૂમ્રપાન—બીડી કે હોકા રૂપે અથવા ચલમમાં દવા ભરીને ધુમાડો પીવાના કામમાં વાપરવો અથવા અંગારાપર દવા છાંટી તેનો ધુમાડો શ્વાસમાં લેવો તેને ધૂમ્રપાન કહે છે.

બંધારણ—શરીરના કોઈપણ ભાગને નરમ કરવા, શેક આપવા કોઈ દવા કે વસ્તુ બાંધવામાં આવે તેને બંધાણ-બંધારણ કહે છે.

વાટ—યોની અથવા ગુદાના ભાગમાં અથવા કોઈ વ્રણની જગામાં દવા મુકવી હોય ત્યારે દવાની વાટ કે રૂમાં પલાળીને તેની કરેલી વાટ મુકવામાં આવે તેને વાટ કહે છે બીજું નામ ફુલવર્તી કે સોગટી પણ કહેવાય છે.

કોગળા—દવાના ચૂર્ણને પાણી સાથે મેળવી અથવા સુકી દવાનો કવાથ કરી તે દવા મોંમાં રાખી ફેંકી દેવામાં આવે તેને કોગળા-ગંડૂષ કહે છે.

બસ્તી-પીચકારી—પિચકારીમાં પ્રવાહી દવા ભરી તેને મૂત્રમાર્ગે કે ગુદા માર્ગે અંદર મુકવામાં આવે તેને એક પ્રકારની પિચકારી

કપડું અને માટી સાથે મેળવી તેનો લેપ એ સંપુટપર કરી સુકવી ભઠ્ઠીમાં આંચ માટે તૈયાર કરવો તેનું નામ સરાવસંપુટ છે

कपडमाटी—કોઇપણ વાસણ, યંત્ર કે બાટલીને જ્યારે ભઠ્ઠીમાં મુકવાની હોય ત્યારે તેને કપડમાટી કરવામાં આવે છે, કપડાના એક ટુકડાને લીલી નરમ માટીમાં ચોળીને સરખી કરી લગાડી સુકવી લેવું. કેટલીકવાર સાત કપડમાટી આવી રીતે કરવાની હોય છે તે એક પછી એક સુકવીને કરવી જોઇએ.

तोलमाप—પાઠમાં લખ્યા પ્રમાણે દવાઓનું વજન લેવું. કોઇ કોઇ પાઠમાં વજન ન બતાવેલું હોય ત્યાં સમભાગે લેવાનું છે એમ સમજી લેવું.

लीली के सुकी—દવાઓ બનતાં લગી સુકી કે લીલી લખેલી હોય તે પ્રમાણે લેવી. કેટલીક જગાએ ખાસ લીલી લખેલી હોય ત્યાં તેના વજન મુજબ લેવાની છે. સુકી દવાઓ હંમેશાં સારી અને નવી વાપરવી.

जुनी दवाओ—મધ, વાવડીંગ, પીપર, ગોળ વગેરે એક વર્ષનાં જુનાં લેવાય છે. પણ શક્તિવર્ધક ઉપાયોમાં મધ નવું વાપરવું એજ ઠીક છે. કફ ઘટાડવા માટે મધ જુનું વપરાય છે.

झेरी दवाओ—સોમલ, મનશીલ હરતાલ, વચ્છનાગ, ગંધક, ઝેરકુચલા, પારદ, હીંગળો, રસકપુર, બીલામ, કપુર, આકડો, મોરથુથુ, ટંકણ, નેપાળો, ચણોઠી તથા ધાતુ કે ઉપધાતુ આ તમામ શોધન કરીને વપરાય છે. પાઠમાં ક્યાં આ દવાઓની આગળ શુદ્ધ શબ્દ ન લખેલ હોય ત્યાં શુદ્ધ કરીને વાપરવી.

बनावट—દરેક દવાની સાથે તેની બનાવટ આપેલી છે, છતાં કોઈ પાઠમાં ન આપેલ હોય તો તેની રીત આ પ્રકરણમાં બતાવ્યા મુજબ જોઇએ તે પ્રમાણે બનાવી લેવી.

વાપરવી ઉત્તમ છે.

दवानी बनावट—કોઈપણ દવા પોતાની સમક્ષ બનાવવી, અને તેની સંભાળ રાખવી કે તેમાં બહારનો કચરો ન પડે. દવા બનાવતી વખતે તેમાં દરેક ચીજ સંભાળપૂર્વક નાખી મેળવવી. જે દવામાં લીંબુ કે ખાટા પદાર્થો વપરાય તેની બનાવટનાં વાસણ કલઈ કરેલાં કે ચીનીનાં વાપરવાં.

संभाळ—દવા તૈયાર કર્યા પછી તેની બાટલીપર લેબલ વગેરે બરાબર લગાડવા, તેની બનાવટની પુરી નોંધ રાખવી, લેબલપર દવાનું નામ, નંબર, પાક, માત્રા, અનુપાન વગેરે લખી રાખવું કે જેથી કદી ભૂલ થવા ન પામે.

स्वच्छता—દવા બનાવવાના ઓજારો હમેશા સાફ રાખવા, ને કોઈપણ દવા બની જાય કે તરતજ તેને સાફ કરી રાખવા જોઈએ અને બનાવતી વખતે ફરી સાફ કરી લેવા.

झेरी दवा—ઝેરી દવાઓને હમેશાં સુરક્ષીત સ્થળે કબાટમાં રાખી તેને તાળું લગાડવું. કેમકે તે બાબતમાં બેદરકાર રહેવાથી ક્યારેક પરિણામ ખરાબ આવે તે આપણને સહન કરવું પડે છે.

रूप-रंग—કોઈપણ દવા તૈયાર થાય ત્યારે તેનો રૂપ, રંગ, સ્વાદ, વજન, વાસ ઈત્યાદિ બરાબર જોઈ પરિક્ષા કરી લેવી. જો તેમાં ખુસ જેવું હોય તો તેનું કારણ નપાસી સુધારી લેવું, ને તેની નોંધ કરી લેવી કે જેથી આગળપર સુધારી લેવાય. હમેશાં એકજ ધોરણની દવાઓ માદકોને અપાય તો માદકોના મનમાં વહેમ આવતો નથી.

प्रतिद्रव्यो—સાજીખારને બદલે સોડાબાયકાર્બ, નવસારને બદલે એમોનીઆક્લોરાઈડ, સુરાખારને બદલે પોટાશનાઈટ્રેટ, આવી દરેક અંગ્રેજી કેમીકલોને ત્યાં ગ્રહણ કરો છે. ને વાપરવાથી દવાની [illegible] છે, દવા સ્વચ્છ બને છે

દવાઓનું તોલ અને માપ.

૧ ગ્રેન	આશરે	૧ ઘઉંભાર
૨ ગ્રેન	”	૧ રતિભાર
૩ રતિ	...	૧ વાલ
૮ રતિ	...	૧ માસો
૧૨ રતિ	...	०)= બે આનીભાર (૪ વાલ)
૨૪ રતિ	...	०। તોલો (૪૫ ગ્રેન)
૪૮ રતિ	...	०॥ તોલો (૯૦ ગ્રેન)
૯૬ રતિ	...	૧ તોલો (૧૮૦ ગ્રેન)
૧ ઔંસ	...	૨॥ તોલા આશરે
૧૬ ઔંસ	...	૧ રતલ (૩૯ તોલા આશરે)
૮૦ તોલા	...	૧ શેર (પાકો)
૪૦ શેર	...	૧ મણ (બંગાળી)
૧ મીનીમ	...	૧ ટીપું
૬૦ ટીપાં	...	૧ ડ્રામ
૪ ડ્રામ	...	०॥ ઔંસ (૧। તોલો)
૮ ડ્રામ	...	૧ ઔંસ (૨॥ તોલા)
૧૬ ઔંસ	...	૧ પૌંડ (રતલ)

ચણોઠી એટલે રતી, ગ્રેન એટલે ઘઉંભાર, તોલો એટલે રૂપીયાભાર. અમારા તરફથી પ્રગટ થતા વૈદક સાહિત્યમાં ઘણે ભાગે આ પ્રમાણેના તોલ તથા માપનો હિસાબ રાખેલો છે. સામાન્ય રીતે આજના તોલ માપનો આટલો ખુલાસો દરેક સમજી શકે તે પ્રમાણે આપેલ છે.

ધાતુ, ઉપધાતુ તથા વિષ, ઉપવિષનું શોધન.

ખુલાસો—કેટલીક દવાઓ તેમાંના દોષ દૂર કરવા માટે તથા કેટલીક તેના ગુણમાં વૃદ્ધિ કરવા માટે શુદ્ધ કરવામાં આવે છે. અશુદ્ધ ચીજો હાની કરે છે માટે બરાબર શુદ્ધ કરીનેજ વાપરવી જોઇએ.

ધાતુ—આયુર્વેદના રસવૈદ્યક વિભાગમાં સોનું, રૂપું, તાંબુ લોહ, જસત, નાગ, બંગ, કાંસું, પીતળ, મંડુર વગેરેને ધાતુઓ કહેવામાં આવે છે. એ ધાતુઓની ભસ્મ બનાવી વપરાય છે. ભસ્મ કરવા પહેલાં તેને શુદ્ધ કરવી પડે છે. શુદ્ધ કરેલ ધાતુ ભસ્મ બનાવવા માટે વાપરી શકાય છે. પ્રથમ ચોખી ધાતુ લાવી તેનો ભૂકો, પતરાં કે રસ બનાવી પછી તેલ, છાસ, ગૌમૂત્ર, કાંજી (સુરકો ચાલે), કુલથીનો કવાથ આ પાંચ ચીજોમાં ધાતુને તપાવી કે રસ કરી ઠારવામાં આવે છે. દરેક પદાર્થમાં પાંચ કે સાત વખત કરવાનું હોય છે. તેમ કરવાથી ધાતુ શુદ્ધ થાય છે. તામ્ર જેવી સખ્ત ધાતુને એથી વધુ લીંબુના રસમાં થોડાક વખત શોધવાથી પૂર્ણ નિર્દોષ બને છે.

પારદ—બજારમાં મળતો પારદ દવાના કામમાં વપરાતો નથી કેમકે તેમાં નાગ, બંગ, વગેરે મળદોષ હોય છે. આ દોષ સાફ કરવા માટે પારદનું સામાન્ય શોધન અથવા તેના આઠ સંસ્કાર કરવા પડે છે. જેઓ તે ન કરી શકે એમ હોય તેમના માટે દેશી વૈદ્યકમાં શુદ્ધ પારદ મેળવવા માટે એક સરલ માર્ગ બનાવેલ છે અને તે એ કે હિંગળોકમાંથી પારદ કાઢી કપડે ગાળી તે દવામાં વાપરવો તે હિંગુલોત્થ પારદ ગુણમાં સરસ અને શુદ્ધ થાય છે. બધા વૈદો આ પ્રમાણે વાપરે છે. માટે જ્યાં શુદ્ધ પારદ વાપરવાનું હોય ત્યાં આ પ્રમાણે કાઢેલો પારદ લેવો. બજારમાં મળતો સારો હીંગળો લાવી તેને ખરલમાં જરીક વાટી લીંબુના રસમાં પુટી સુકવી લેવું આ

લીંબુના રસમાં વાટી એક સારૂ નવા માટીના તવાપર લગાડી સુકવી બાદ કામમાં લેવું. નેપાળો ઝેરી છે માટે શોધન બરાબર કરવું અને શોધન વખતે ઘીવાળા હાથ કરી લેવા, હાથ આંખે ન લાગે તેની સંભાળ રાખવી.

धतुरानां बीज—ધતુરાનાં બીજ લાવી તેની ગૌમૂત્રમાં પોટલી બાંધી રાત્રે પલાળી રાખવા, સવારે બીજું ગૌમૂત્ર નાંખી બાફી લેવા, ત્રણ કલાક બાફી પછી ઉતારી પાણીથી ધોઇ સુકવી લેવા અને વાટીને દવાના કામમાં વાપરવું. ઉપરની છાલ બને ત્યાં સુધી હાથે મસળી ધોતી વખતે કાઢી નાખવી.

झेरकुचला—ગૌમૂત્રમાં ઝેરકુચલાને પલાળી રાખવા, દરરોજ ગૌમૂત્ર નવું નાખવું, સાત દહાડા આ પ્રમાણે કરી પાણીથી ધોઇ પછી ચપુવતી ઉપરની છાલ કાઢી નાખવી, અને તેની બે ફાડ કરી વચ્ચેથી જીભ જેવું પડ હોય તે કાઢી નાખવું. બાકી બે પડ ચોખાં કરી ધોઈ કડાઇમાં નાખી જરા ઘી વડે શેકી લેવાં, અને તરતજ ઉતારી ખાંડી ભૂકો કરી લેવો અને દવાના કામમાં વાપરવાં

अफीण—અફીણને આદુના રસમાં પલાળી ગાળી કસુંબા જેવું કરી ધીમે તાપે જાડો રસ કરી લેવો ને દવામાં વાપરવું.

शीलाजीत—ત્રીફલાના ક્વાથમાં, ગૌમૂત્રમાં અને દૂધમાં એક ભાવના આપી પછી ગાળી લેવું એટલે શુદ્ધ થઇ જાય છે.

टंकण—બજારમાં તેલીઓ ટંકણખાર મળે છે તે લાવી તેનો ભૂકો કરી માટીના તવામાં ફુલાવી બારીક વાટી દવાના કામમાં વાપરવું.

सुरमो—સુરમાને બારીક વાટી ખરલમાં નાખી લીંબુના રસમાં ઘુંટી સુકવી લેવું.

हिंगरफ—લીંબુના રસમાં બે-ત્રણ દહાડા ઘુંટી મસળી લેવું ને

ક્લોકમાં સુંદર હીંદી અક્ષરો વડે લાલ, પીળા, લીલા, એવા રંગીન પુંરેલા પોલીશદાર કાગળ ઉપર સુંદર રીતે છપાવી તૈયાર કરાવેલ છે. ખીલકુલ ઉપયોગી અને નવીનજ વસ્તુ છે તમો એક વખત જોશો તો તમારે ખુશી થવું પડશે, આવી અમૂલ્ય ચીજની આખી બુકની કીંમત રૂ. રોટ રાખવામાં આવી છે. હવે થોડીજ પ્રત બાકી હોવાથી સત્વર મંગાવી લેવા વિનંતી છે.

મકરધ્વજરહસ્ય

આ નામનો બહુજ ઉપયોગી નિબંધ કે જેમાં ચંદ્રોદય બનાવવાની રીત, ચંદ્રોદયના ખર્ચનો હિસાબ, સરળ રીતે દરેક રોગમાં વાપરી શકાય તેવા અનુપાનો તથા ચંદ્રોદય-મકરધ્વજના બેદથી બજારમાં ચાલતી જાહેર કમાઈ આ સર્વ બાબતોનો ખુલાસો આ પુસ્તકમાં આપેલ છે. તમોને વાંચતાં જરૂર ખાત્રી થશે કે આની કીંમત વ્યાજબીજ છે. મૂલ્ય ફક્ત બે આના.

કુદરતી આરોગ્યવિજ્ઞાન

આ એકજ પુસ્તકમાં આરોગ્ય સંબંધી તમામ નિયમો અને માહીતિ આપવામાં આવી છે. અર્વાચિન તેમજ પ્રાચિન બન્ને વિદ્યાને આધારે એક વિદ્વાન ડૉક્ટર તરફથી લખાયેલ આ ઉપયોગી નિબંધ છે. પ્રત્યેક માણસે પોતાના શરીર રક્ષણ માટે આ વિષયનો ખાસ અભ્યાસ કરવો જોઈએ અને વૈદ્યોએ તો જરૂર આ પુસ્તક વાંચવુંજ જોઈએ. એવી તેમાં ઉપયોગી માહીતિ છે. મૂલ્ય આના ચાર.

ઉપયોગી પેટંટ દવાઓ

આ એક નાના પુસ્તકમાં ૨૫ પ્રકારની ઉપયોગી પેટંટ દવાઓ બનાવવાની તમામ માહીતિ આપવામાં આવી છે, ફક્ત એકજ પુસ્તક પાસે રાખી થોડીજ મુડીમાં તમો કામધંધો શરૂ કરી જરૂરીઆત પ્રમાણે માલ બનાવી બજારમાં વેચી શકો છો ને તેમાંથી હજારો રૂપીઆ કમાઈ શકો છો, બધી ઉપયોગી પેટંટ દવાઓજ આ પુસ્તકમાં આપેલી છે. [illegible] આજકાલ બજારમાં દરેક જણાને વેપાર છે અને [illegible] હજારો રૂપીઆ કમાઈ રહ્યા છે. પણ આ પુસ્તકની મદદથી [illegible] કરી શકો છો. કિંમત